॥ श्रीस्वामिनारायणो विजयते ॥

સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક : ૪

# કિશોર સત્સંગ પ્રવેશ

લેખક

સાધુ વિવેકસાગરદાસ

(વાચસ્પતિ)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોના પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે તથા કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

વસંતપંચમી
સંવત ૨૦૨૮
અટલાદરા

**શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ના**
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ

# નિવેદન

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલા વર્તમાન, નિયમો તથા ઉપદેશને સત્સંગીઓમાં પ્રચલિત કરવાની આજે ખાસ જરૂરિયાત છે. આ પ્રથા અને આદેશને અનુસરવાથી જ સત્સંગીઓનું સાચું જીવનઘડતર થાય છે. તેઓ કુસંગનો ત્યાગ કરીને, આદર્શ સત્સંગી બની શકે છે અને જીવનનું પરમ શ્રેય સાધી શકે છે.

શિક્ષાપત્રીના સામાન્ય નિયમ, ગોડી, ધૂન, પ્રાર્થના, અષ્ટક, કીર્તન, સુભાષિત, દૃષ્ટાંતકથા, વ્રતોત્સવ, વચનામૃત તથા સ્વામીની વાતુંનું નિરૂપણ અને શ્રીજીમહારાજે વચનામૃતમાં માન્ય કરેલાં તથા બીજા પણ ઉત્તમ સંતો અને હરિભક્તોનાં પ્રેરણાદાયી ચરિત્રો આ પુસ્તિકામાં સરળ ભાષામાં રજૂ કર્યાં છે. ઉપરોક્ત સાહિત્ય સત્સંગી વાચકોને ઘણી જ માહિતી અને સમજણ પૂરી પાડશે અને સત્સંગમાં અધિક રુચિ સંપાદન કરાવશે.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. દ્વિતીય પરીક્ષા ‘સત્સંગ પ્રવેશ’ માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતા અમને આનંદ થાય છે.

સ્વામીશ્રીજી તથા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના !

**– પ્રયોજક**



અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શિક્ષાપત્રી | ૧ |
| ૨. | સગરામ | ૧૧ |
| ૩. | વ્યાપકાનંદ સ્વામી | ૧૩ |
| ૪. | ગોડી | ૧૬ |
| ૫. | ધૂન | ૧૬ |
| ૬. | શ્રી સ્વામિનારાયણાષ્ટકમ્ | ૧૭ |
| ૭. | પ્રાર્થના | ૧૯ |
| ૮. | રત્નાકર અને ચાર ભાઈઓ | ૨૦ |
| ૯. | નેનપુરના દેવજી ભગત | ૨૨ |
| ૧૦. | ગુરુ-શિષ્ય | ૨૪ |
| ૧૧. | આત્માનંદ સ્વામી | ૨૬ |
| ૧૨. | બોચાસણના કાશીદાસ | ૨૮ |
| ૧૩. | પ્રાર્થના : ‘વંદન કરીએ પ્રભુ ભાવ ધરી’ | ૩૨ |
| ૧૪. | ભુજનાં લાધીબાઈ | ૩૨ |
| ૧૫. | દૂબળી ભટ્ટ | ૩૪ |
| ૧૬. | વ્રત અને ઉત્સવ | ૩૬ |
| ૧૭. | માતાજી | ૫૦ |
| ૧૮. | રાણા રાજગર | ૫૩ |
| ૧૯. | વચનામૃત | ૫૪ |
| ૨૦. | પ્રભાશંકર અને દેવરામ | ૫૬ |
| ૨૧. | સચ્ચિદાનંદ સ્વામી | ૫૭ |
| ૨૨. | સુભાષિત | ૬૦ |
| ૨૩. | જાલમસિંહ બાપુ | ૬૨ |
| ૨૪. | અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો | ૬૪ |
| ૨૫. | કીર્તન : ‘સ્નેહભર્યાં નયણે’ | ૭૧ |

# ૧. શિક્ષાપત્રી

## (સામાન્ય નિયમો - વિભાગ ૧)

મનુષ્ય અને પશુમાં ભેદ એટલો છે કે મનુષ્ય ઉપર ધર્મમર્યાદાઓ છે, જ્યારે પશુ માટે નથી. ધર્મના અનુશાસન વગરનું જીવન પશુજીવન છે. શ્રીજીમહારાજે કહ્યું : 'ધર્મ એટલે સદાચાર.' આપણાં ધર્મશાસ્ત્રોમાં આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત માટે ઘણી ઘણી વાતો લખી છે. ધર્મના સાગરને શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'રૂપી ગાગરમાં સમાવ્યો છે. શિક્ષાપત્રી એ કેવળ આચારસંહિતા નથી પરંતુ ચારેય પુરુષાર્થને પામવાની નૌતમ નિધિ છે. મહારાજે ધર્મની પાળો આ રીતે વધુ મજબૂત બનાવી છે.

'સર્વ જીવના હિતની કરનારી' એવી જે શિક્ષાપત્રી, તેનો હેતુ અને મહિમા સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : 'સર્વે જે સચ્છાસ્ત્ર તેનો સાર ઉદ્ધારીને આ શિક્ષાપત્રી લખી છે. એ હેતુ માટે અમારા આશ્રિત જે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.'

એટલે કે મનગમતું છોડીને મહારાજની આજ્ઞા પ્રમાણે જ વર્તવું.

'જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે,' એ મહારાજનું વરદાન છે. અને મહારાજે કહ્યું છે : 'આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદર થકી માનવી.'

એટલે તો શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો. વાંચતાં ન આવડતું હોય તેણે શ્રવણ કરવું, નહિ તો પૂજા કરવા સુધીની મહારાજે આજ્ઞા આપી છે. અને જે દિવસે તે ત્રણમાંથી એક પણ આજ્ઞાનું પાલન ન થાય તો મહારાજે એક ઉપવાસ કરવાનું પણ કહ્યું છે. (વચ. ગ.અં. ૧)

વાણી, વિચાર અને વર્તનનો સુમેળ શિક્ષાપત્રીના પાલનથી જ આવે છે. શિક્ષાપત્રીના નિયમો કેવળ શૌચ કે સદાચારના સ્થૂળ નિયમો નથી પરંતુ શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે, તેમની આજ્ઞાથી પાલન કરવાના દિવ્ય

નિયમો છે. એનું બરાબર પાલન કરવાથી મોક્ષ થાય છે. આ નિયમો અનુશાસન વગર પળાતા નથી. તેથી પ્રગટ સત્પુરુષના આશરે જવાથી શ્રીજીમહારાજની આજ્ઞાઓ પાળવાનું બળ મળે છે.

પૂર્વના સંસ્કારબળથી મુમુક્ષુ જીવ પૃથ્વી ઉપર વિચરતા ભગવાનના પરમ એકાંતિક સંતના - ગુરુના યોગમાં આવે છે. એ જીવ પંચ વર્તમાન પાળવાની ટેક રાખે છે ત્યારે ગુરુ એને દીક્ષામંત્ર - 'काल माया पाप कर्म यमदूत भयादहम् । स्वामिनारायण–शरणं प्रपन्नोस्मि स पातु माम् ॥' આપે છે. એને નિષ્પાપ બનાવી મહારાજને શરણે લે છે, સત્સંગી બનાવે છે. અને એને અક્ષર અને પુરુષોત્તમના પ્રતીક સમી તુલસીની બેવડી કંઠી ગળામાં પહેરાવે છે. સત્સંગીએ આ કંઠી આજીવન પહેરી રાખવાની હોય છે (૪૧).[૧] તો જ ભગવાન એની અખંડ રક્ષામાં રહેવા બંધાય છે.

## નિત્યકર્મ

શિક્ષાપત્રીની આજ્ઞાનુસાર હવે સત્સંગીનો નિત્યકર્મ જોઈએ. (૪૯ થી ૫૪ તથા ૬૧ થી ૬૪)

મહારાજના ત્યાગી-ગૃહી સર્વ આશ્રિતોએ હંમેશાં સૂર્યોદય પહેલાં જાગવું અને ભગવાનનું ધ્યાન કરવું. મોડા ઊઠવાથી આપણા પુણ્યનો નાશ થાય છે. સવારે વહેલા ઊઠવાથી શારીરિક સ્ફૂર્તિ અને માનસિક પ્રસન્નતા રહે છે. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાથી સારા વિચારો આવે છે અને સાત્ત્વિક વાતાવરણમાં ભગવાનનાં ધ્યાન, ભજન, સ્મરણનો અનેરો આનંદ અનુભવાય છે. આજના યુગમાં મોડા ઊઠવાની ટેવ અને રીત પ્રચલિત થતી જાય છે, પણ તે ઘણી જ ખરાબ ટેવ છે. સત્સંગીઓએ તો અચૂક સૂર્યોદય પહેલાં જ ઊઠવું જોઈએ.

શૌચવિધિ પછી ડાબા હાથને દસ વખત અને બંને હાથ ભેગા કરીને સાત વખત શુદ્ધ મૃતિકા(ધૂળ)થી ધોવાનો નિર્દેશ છે. હવે સાબુથી પણ હાથ ધોઈ સ્વચ્છ થવાય છે.

પછી એક સ્થાનકે બેસીને દાતણ કરવું. જેથી ગંદકી ચારે બાજુ ન ફેલાય. દાતણની ચીરીને ધોઈને નાખી દેવી, કારણ કે ઊલ ઝેરી હોય છે. તેના ઉપર કોઈ જીવ-જંતુ બેસે તો મરી જાય.

શાસ્ત્રોમાં સવારના સ્નાનનો મહિમા બહુ છે. સવારના સ્નાન વગર

---

૧. શિક્ષાપત્રીના શ્લોકના ક્રમાંક આ પ્રમાણે કૌંસમાં મૂકેલા છે.

મનુષ્ય સૂતકી (અશુદ્ધ) મટતો નથી. સ્નાન પછી જ તેને પૂજાનો અધિકાર મળે છે. સ્નાન હંમેશાં ગાળેલા જળથી કરવું. નદી, સરોવર કાંઠે ઠંડા જળથી કરેલું સ્નાન શ્રેષ્ઠ છે. શીતજળથી શરીરમાં વિશેષ શક્તિ, ચેતન આવે છે. સ્નાન કર્યા પછી ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને બીજું ઓઢવું. ઓઢવાના વસ્ત્ર સિવાય જે પૂજા કરે છે તે નગ્ન કહેવાય છે.

ભગવાનની સેવા પૂજા માટે પૃથ્વી ઉપર પાથરેલું અને સારી પેઠે બેસાય એવું આસન હોય તે ઉપર પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસવું. શાસ્ત્રમાં પૂર્વદિશા દેવદિશા મનાય છે. પશ્ચિમ અને દક્ષિણા દિશા નિષિદ્ધ છે. પૂજા માટે દર્ભાસન, મૃગચર્માસન અને ઊનનું આસન બેસવા માટે શ્રેષ્ઠ મનાય છે. તે સિવાયનાં બીજાં આસનો અથવા ભૂમિ ઉપર બેસવાથી પૂજાની સિદ્ધિ થતી નથી.

પછી સત્સંગી પુરુષોએ કપાળમાં ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને તે તિલકના મધ્યમાં કુમકુમનો ચાંદલો કરવો. વિદ્યાર્થી અથવા નોકરી, ધંધો, વ્યવસાય કરતા નાના-મોટા સૌએ તિલક-ચાંદલો અવશ્ય કરવાં. કપાળમાં તિલક, ચાંદલો હોય તો મહારાજ અને મોટાપુરુષ કુસંગી થકી આપણી રક્ષા કરે છે. આજ્ઞા વિરુદ્ધનું અયોગ્ય કર્મ કરતાં આપણે ખચકાઈએ છીએ, મનમાં ક્ષોભ થાય છે. તિલક-ચાંદલો ન કર્યો હોય તો મન નબળું પડી જાય છે અને અયોગ્ય આચરણ કરવા લલચાય છે. તિલક-ચાંદલો ધર્મનું પ્રતીક છે. માટે ધર્મ પાળતા કોઈ પણ ધર્મપ્રેમીએ એ પ્રતીક ધારણ કરતા લાજ કે શરમ અનુભવવી જોઈએ નહીં. શાળા કે કૉલેજમાં જતા વિદ્યાર્થીઓ નાનપણથી જ તિલક-ચાંદલો કરવાની ટેવ પાડે તો તેમનામાં કોઈ અલૌકિક નૈતિક હિંમત અને આધ્યાત્મિક બળ આવશે. શ્રીજીમહારાજની આ આજ્ઞા અત્યંત શૂરવીર થઈને પાળવાની ખાસ જરૂર છે.

સધવા સ્ત્રીઓએ કેવળ ચાંદલો કરવો અને વિધવા સ્ત્રીઓએ ચાંદલો કે તિલક ધારણ કરવાં નહિ. તિલક અને ચાંદલો ભગવાનની પૂજામાંથી વધેલા પ્રસાદીનાં ચંદન તથા કંકુ વડે, બને તો કરવાં.[૨] તિલક અને ચાંદલો

---

૨. તિલક એ શ્રીજીમહારાજના ચરણારવિંદનું પ્રતીક છે અને ચાંદલો મૂળ અક્ષર-બ્રહ્મનું પ્રતીક છે. મૂળ અક્ષર કહેતાં ભક્ત, મહારાજના ચરણારવિંદમાં રહે છે. એટલે કે ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનું તિલક-ચાંદલો એ પ્રતીક છે.

મનોહર અને સૌમ્ય હોવાં જોઈએ.

પછી માનસી પૂજા કરવી. તે કરતાં પહેલાં મનને સ્થિર કરવા આત્મવિચાર કરવો, પ્રગટ ગુણાતીત સત્પુરુષને પોતાનો આત્મા માની હૃદયને વિષે મહારાજને ધારવા. એવી રીતે પ્રગટ સત્પુરુષની સ્મૃતિ સાથે, પાંચ સમયની માનસી કરવી. (૧) પ્રાતઃ માનસીમાં ભગવાનને ઉઠાડવા. (૨) સવારે ભાવથી જમાડવા. (૩) બપોરે પ્રેમથી ઉઠાડવા. (૪) સંધ્યા સમયે આરતી પછી અને (૫) રાત્રે સૂતાં પહેલાં સંભારીને સ્તુતિ કરવી. માનસી પૂજા મને કરીને કલ્પેલા ઉત્તમ પદાર્થથી ગદ્ગદભાવે કરવી. (વચ. ગ.અં. ૨૩)

પછી ગુરુએ પૂજવા આપેલું ભગવાનનું સ્વરૂપ - અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરા(ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ)ની મૂર્તિઓ રાખવી, સેવવી-પૂજા કરવી (૬૨). આહ્વાન મંત્રથી ભગવાનનું આહ્વાન કરી સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવવી. પછી ભગવાનના મહિમાના સ્તોત્ર બોલવા. ત્યાર બાદ પાંચ પ્રદક્ષિણા અને પાંચ સાષ્ટાંગ દંડવત્ કરવા. છઠ્ઠો દંડવત્ વચનામૃતમાં મહારાજની આજ્ઞા મુજબ કોઈનો અપરાધ મન-કર્મ-વચને કર્યો હોય તેની ક્ષમા માટેનો કરવો (વચ. ગ.મ. ૪૦). મસ્તક, ભ્રમર, નાસિકા, વક્ષ, ઊરુ, ઘૂંટણ, હાથનાં તળિયાં તથા પગની આંગળીઓ - આ આઠ અંગનો પૃથ્વીને સ્પર્શ થાય ત્યારે સાષ્ટાંગ દંડવત્ કહેવાય. સાષ્ટાંગ દંડવત્ એ શ્રેષ્ઠ પ્રકારના પ્રણામ છે. પછી નૈવદ્ય ધરાવવું. પછી પોતાના સઘળા અપરાધોની ક્ષમા માગીને ભગવાનની પ્રાર્થના કરી, વિસર્જન મંત્ર બોલી પૂજાની સમાપ્તિ કરવી.

આ વિધિ પછી મહારાજે 'વચનામૃત'માં આજ્ઞા કર્યા મુજબ 'શિક્ષાપત્રી'નો પાઠ ઉચ્ચ સ્વરે કરવો. (વચ. ગ.અં. ૧).

વૃદ્ધપણામાં અથવા અસમર્થપણામાં પોતે સેવવાનું જે ભગવાનનું સ્વરૂપ તે બીજા ભક્તને આપવું. (૬૧)

સર્વે સત્સંગીએ હંમેશાં સાયંકાળે મંદિરે જવું અને ભગવાનના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. ઉત્સવને દિવસે વાજિંત્ર સહિત કીર્તન કરવું. સાયંકાળે અસુરોનું બળ વિશેષ હોય છે તેથી વ્યવહારકાર્ય માટે તે સમય નિષેધ છે. સંધ્યા આરતીમાં મહારાજ, અક્ષરબ્રહ્મ અને અનંત મુક્ત સહિત

પધારે છે, માટે જરૂરથી આ આરતીમાં હાજરી આપવી (૬૩).

વળી, ગુરુ અથવા દેવદર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું, પણ પોતાના સામર્થ્ય પ્રમાણે ધન-ધાન્ય તથા ફળફૂલ લઈને જવું. (૩૭)

પછી મંદિરમાં ભગવદ્વાર્તા સાંભળવી. તેમજ સંસ્કૃત અને પ્રાકૃત સાંપ્રદાયિક ગ્રંથોનો અભ્યાસ નિત્ય કરવો અને મહારાજની 'સ્વાભાવિક ચેષ્ટા' એટલે ધ્યાનચિંતામણિ અને લીલાચિંતામણિનાં પદો બોલીને માનસીમાં ભગવાનને પોઢાડવા. જેઓ 'સ્વાભાવિક ચેષ્ટા'નાં પદો બોલે છે તેને ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણ આદિક ગ્રંથોના શ્રવણથી જે ફળ થાય એટલું ફળ પ્રાપ્ત થાય છે. ભગવાનની લીલા અને મૂર્તિનું ચિંતવન કરવાથી ભગવાનમાં વૃત્તિ જોડાય છે. આખા દિવસની વ્યવહારની પ્રવૃત્તિમાં કરેલાં કર્મોની નિવૃત્તિ થાય છે અને સુષુપ્તિમાં પણ ભગવાનનું અનુસંધાન રહે છે. માટે દરેક સત્સંગીએ નિયમ-ચેષ્ટાનાં પદ બોલીને જ સૂવાનો નિયમ રાખવો જોઈએ.

હવે આ નિત્યક્રમ પછી શિક્ષાપત્રીમાં જે **આચારશુદ્ધિ** કહી છે તે જોઈએ.

## અહિંસા

'अहिंसा परमो धर्मः' એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. કોઈ પણ પ્રાણીની મન, કર્મ અને વચને કરીને હિંસા ન કરવી. ઝીણાં એવાં જૂ, માંકડ, ચાંચડ આદિક જીવની હિંસા જાણીને ન કરવી. તેમજ યજ્ઞને અર્થે પણ હિંસા ન કરવી. યજ્ઞમાં પશુઓને હોમવાં એ પાપ છે. જગન્નાથપુરીમાં મહારાજે તાંદળજાની ભાજીમાં પણ જીવ છે એમ કહી તેને તોડવાની ના પાડી હતી. વળી સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિને માટે પણ કોઈ મનુષ્યની હિંસા, કોઈ પ્રકારે ક્યારેય ન જ કરવી (૧૧, ૧૨, ૧૩). ઉપરિચરવસુ આખી પૃથ્વીના રાજા હતા છતાં અહિંસાપરાયણ રહ્યા હતા. મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, અહિંસા યુક્ત વર્તવું તે ધર્મ મોક્ષપરાયણ છે (વચ. ગ.પ્ર. ૬૯). બીજાના મનમાં દુઃખ થાય તેવું વચન બોલવું તે પણ હિંસા છે.

## સત્ય

હંમેશાં સત્ય, પ્રિય અને હિતકર વચન બોલવું. અસત્ય ક્યારેય ન બોલવું. ગમે તેટલો આર્થિક કે બીજો લાભ થતો હોય તો પણ અસત્ય ન જ બોલવું, પરંતુ પોતાનો તેમજ પારકાનો દ્રોહ કહેતાં પ્રાણ નાશ થતો હોય

એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું. જેમ કોઈ કસાઈ ગાયને મારવા પાછળ પડ્યો હોય અને તે ગાયને આપણે જોઈ હોય, છતાં તે કસાઈ પૂછે તો તેને સત્ય ન કહેવું તે ધર્મ છે. (૨૬)

## નીતિધર્મ

ધર્મ એટલે સદાચાર. ઘણા સારા ફળવાળું કોઈ પણ કર્મ હોય પણ જો તે ધર્મરહિત હોય તો તેનું આચરણ ન જ કરવું. કેમ જે, ધર્મ છે તે સર્વે પુરુષાર્થને આપનારો છે. માટે કોઈક ફળના લોભે ધર્મનો ત્યાગ ન કરવો. સ્ત્રી-ધનાદિક પદાર્થના લોભે ધર્મ ન તજવો. પૂર્વે જે મોટાપુરુષ થયા તેમણે જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય તો તે ન જોવું, પણ તેમણે જે ધર્માચરણ કર્યું હોય તે ગ્રહણ કરવું. (૭૩, ૭૪)

આ નિયમ દ્વારા શ્રીજીમહારાજે નીતિમાર્ગમાં સુંદર સમજણ આપી છે. દરેક કર્મ ધર્મયુક્ત જ કરવું. અધર્મમય જીવન – આહાર, વિહાર કે વિચાર – ગમે તેવા ફળની લાલચે પણ ન જીવવું. સર્વ પુરુષાર્થ ધર્મથી જ મળે છે.

ધર્મને અર્થે પણ ચોરીનું કામ ન કરવાની શ્રીજીમહારાજની આજ્ઞા છે. અહીં મંદિર, દેવ કે સાધુ-સંતોની સેવા માટે પણ ચોરી કે એવા અધર્મનો આશ્રય લેવાની સ્પષ્ટ ના કહી છે. સત્સંગીએ તો સંપૂર્ણ નીતિમય, સદાચારી બનવું જરૂરી છે.

## આત્મઘાત

પહેલાં મનુષ્યો સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિને માટે તીર્થને વિષે આત્મઘાત કરતા. પણ આત્મઘાત એક પ્રકારની હિંસા છે, તે ન કરવી. અથવા પોતાથી અયોગ્ય આચરણ થઈ જાય તો મૂંઝાઈને - ઝેર ખાઈને, ગળે ટૂંપો ખાઈને, કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને આત્મઘાત ન કરવો. ક્રોધે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન પણ ન કરવું (૧૪, ૧૬). વેદમાં કહ્યું : ‘સર્વ થકી આત્માનું રક્ષણ કરવું.’ મનુષ્યદેહમાં જ મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિ થઈ શકે છે. સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય પછી ભગવાનની ભક્તિ કરવા આ મનુષ્યદેહ મળે છે, તો મનુષ્યદેહની દુર્લભતા સમજીને આત્મઘાત ન કરવો.

## માંસભક્ષણ નિષેધ

માંસભક્ષણ માટે જીવહિંસા કરવી પડે છે. હિંસા એ મહાન પાતક છે. મહારાજે અહિંસક યજ્ઞનું જ પ્રતિપાદન કર્યું છે. માટે કોઈ હિંસક યજ્ઞનું શેષ

(પ્રસાદીરૂપે) માંસ હોય તો પણ તેને આપત્કાળમાં પણ ન ખાવું. વળી, જે દેવ આગળ મદ્ય-માંસનું નૈવેદ્ય થતું હોય, તે નૈવેદ્ય ખાવું-પીવું નહિ. વળી, અનાજને વીણ્યા વગર કે લોટને ચાળ્યા વગર વાપરવો નહિ, કારણ કે તેમાં ધનેડાં, ઈયળ, કીડા વગેરે ઝીણાં જંતુઓ હોય છે. ગાળ્યા વગરનાં પાણી, દૂધ, ઘી, તેલ વગેરે પદાર્થો પણ મદ્ય-માંસ તુલ્ય ગણાય છે, તેથી તે વાપરવાં નહિ. જેમાં ઘણાં જીવ-જંતુ હોય તેવા જળથી સ્નાન પણ ન કરવું (૧૫, ૨૨, ૩૦). માછીમારને છ માસની અંદર માછલાં મારવાથી જેટલું પાપ થાય છે તેટલું પાપ એક દિવસ અણગળ પાણી પીનારને થાય છે. મહાભારતમાં પણ કહ્યું છે : 'એક પુરુષ દર મહિને અશ્વમેધ યજ્ઞ કરે અને બીજો પુરુષ મદ્ય-માંસનો ત્યાગ કરે, તે બંને સરખાં છે.'

## મદ્યનિષેધ

મદ્ય કહેતાં દારૂ એ તમોગુણી પીણું છે. દેવને નૈવેદ્ય તરીકે ધરાવેલું મદ્ય પણ કોઈ દિવસ ન પીવું, તેની ગંધ પણ ન લેવી. અનેક પ્રકારનાં મદ્ય - દારૂ છે, તેનો ગંધ કે સ્પર્શ પણ ન કરવો. શાસ્ત્રમાં કહ્યું છે જે, દારૂનું એક ટીપું પણ જોડા ઉપર પડે તો તે જોડા જે ઢોરના ચામડાના બનાવ્યા હોય તે ઢોર જમપુરીમાં જાય છે. મનુસ્મૃતિમાં સુરાપાનને પંચ-મહાપાપમાં ગણાવ્યું છે. વળી, જે ઔષધ દારૂ તથા માંસયુક્ત હોય તો તે ન પીવું ને ન ખાવું. વળી, જે વૈદ્યના અથવા ડૉક્ટરના આચરણને ન જાણતા હોઈએ તો તેણે આપેલું ઔષધ ન લેવું. (૧૫, ૩૧)

આજના જમાનામાં માંસભક્ષણ અને મદ્યપાન જરૂરી મનાવા લાગ્યાં છે. સભ્ય સમાજનાં આ બે આવશ્યક અંગો ગણાય છે. ધંધાકીય, આર્થિક અને બીજા લાભો માટે તેમજ સામાજિક પ્રતિષ્ઠા માટે આનું સેવન પ્રચલિત બન્યું છે. પણ આ ઘોર પાપ છે. અને કોઈ પણ કારણસર માફ ન થઈ શકે તેવું પાપ છે. સત્સંગીઓએ કદી માંસભક્ષણ કે મદ્યપાન કરવું જોઈએ નહીં. અભ્યાસ, ધંધો કે બીજા કોઈ કારણસર પરદેશ જતા સત્સંગીઓએ પણ ખૂબ જ દૃઢતાપૂર્વક આ નિયમનું પાલન કરવું જોઈએ. પરદેશમાં માંસાહાર અને મદ્યપાન વગર રહી શકાય છે તેવો ઘણાનો અનુભવ છે. માટે સામાજિક પ્રતિષ્ઠા, સંગ કે કોઈ પણ લાભની લાલચે આ નિયમનો ભંગ ન થવો જોઈએ. શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે આ ખૂબ જ મહત્ત્વનો નિયમ છે.

## ચોરી

ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. જેઓ ચોરી કરીને દાનપુણ્ય કરે છે તે નરકને પામે છે અને જેનું ધન હોય તેને ફળ મળે છે. વળી કાષ્ઠ, પુષ્પ આદિક કોઈ વસ્તુ તેના માલિકની રજા વગર લેવી તે પણ ચોરી છે. જાણી જોઈને ચોરીનો માલ રાખવો, કોઈની ચીજ માગી લઈને પાછી ન આપવી વગેરે ચોરીના અનેક પ્રકારો છે. ચોરમાર્ગે કરીને કોઈના ઘર, ખેતર કે દુકાનમાં પેસવું નહિ અને નીસરવું નહિ. વળી, કોઈ ધણિયાતું સ્થાનક હોય તેમાં તેના ધણીને પૂછ્યા વગર ઉતારો પણ ન કરવો. ચોરી પણ પંચ-મહાપાપમાં ગણાય છે. માટે કોઈ પ્રકારે ચોરી ન કરવી. (૧૭, ૩૩)

### વ્યસન

ભાંગ, મફર અને માજમ (અરબી ભાષામાં : મુફર્રહ અને મઅજૂન; અંગ્રેજી ભાષામાં : મોરફાઈન અને મેરિજુઆના) તથા ગાંજો આદિક કેફી વસ્તુઓ (અફીણ, ચરસ, તમાકુ વગેરે) ખાવી નહિ, પીવી નહિ અને સૂંઘવી પણ નહિ. તે દરેક શરીર અને મનને ખોટી રીતે ઉત્તેજિત કરનાર છે. માણસ વ્યસનનો ગુલામ બને છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે : 'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.'

જુગટું કહેતાં જુગાર-પાનાં, રેસ, આંકડા, સટ્ટો રમવો વગેરે પણ મોટાં વ્યસનો છે. વળી, ભાંડ-ભવાઈ કહેતાં નાટક, સિનેમા પણ ન જોવાં. જુગારના વ્યસનથી તો યુધિષ્ઠિરે આખું રાજ્ય ખોયું. આ વ્યસન તો તૃષ્ણાને વધારનાર ને મનુષ્યને ખુવાર કરનારાં છે. અનર્થથી મેળવેલું દ્રવ્ય સુખકારક નથી. આ વ્યસનોથી દૂર રહેવું, ને જો કદાચિત તે ગ્રહણ થઈ જાય તો સંત-સમાગમથી તેનો ત્યાગ કરવો.

અને વ્યભિચાર કહેતાં કોઈ પણ સ્ત્રી સાથે મન, કર્મ, વચને દુરાચાર ન કરવો. સ્ત્રીની સામે ખરાબ દૃષ્ટિથી જોવું પણ નહિ. બ્રહ્મચર્ય એ સૌથી મહાન ગુણ છે. તેનાથી ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. આજના યુગમાં જ્યારે સ્ત્રી-પુરુષો મુક્તપણે હળેમળે છે અને છૂટછાટો લે છે ત્યારે તેમાંથી અનેક દૂષણો અને દોષો પોષાય છે અને લોકોનું નૈતિક અધઃપતન સહેજે જ થાય છે. તેથી આ નિયમ દૃઢતાપૂર્વક પાળવાની આજે બહુ જ જરૂર છે. સત્સંગીએ કદી પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરવી નહિ અને સંપૂર્ણ ધર્મમર્યાદામાં રહેવું. (૧૮)

## આહાર વિવેક

મહારાજે વર્ણ અને આશ્રમનો ધર્મ ભારપૂર્વક સમજાવ્યો છે. તેનો ત્યાગ કરનારા મનુષ્યો ગમે તે જાતિના મનુષ્યોના હાથનું રાંધેલું અન્ન ખાય છે તેને ઘણા રોગ થાય છે. જેના હાથનું રાંધેલ અન્ન અને જેના પાત્રનું જળ ન ખપતું હોય તો તે કદાચ ભગવાનને ધરાવીને પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ ગ્રહણ ન કરવું. બજારમાં, દુકાનોમાં અને હૉટલોમાં મળતી વસ્તુઓમાં પણ ગાળ્યા વગરનાં ઘી, દૂધ, પાણી વપરાય છે તથા ભેળસેળ ઘણી હોય છે તેથી તે પણ ખવાય કે પીવાય નહિ. ડુંગળી ને લસણ પણ અભક્ષ્ય વસ્તુ છે, કારણ કે તે તમોગુણ વધારે છે. શાસ્ત્રમાં કહ્યું છે : 'આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે અને સત્ત્વશુદ્ધિથી બ્રહ્મનું દર્શન થાય છે.' તે માટે આહારશુદ્ધિ અતિ આવશ્યક છે (૧૯). જ્યાં ત્યાં ખાવા-પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને કદી સારા સત્સંગી થવાતું નથી.

## સ્વધર્મ

દરેકે પોતપોતાના ધર્મનું - શાસ્ત્રકથિત નિયમોનું - સદાચારનું યથાર્થ પાલન કરવું. પરધર્મનું આચરણ કે પાખંડ ધર્મનું કે કલ્પિત ધર્મનું આચરણ કોઈ દિવસ ન કરવું. ત્યાગી પોતાના આશ્રમધર્મનો ત્યાગ કરીને ગૃહસ્થાશ્રમના નિયમ પ્રમાણે વર્તે તો તે પણ પરધર્માચરણ કહેવાય. પોતાના ધર્મમાં જ દૃઢ નિષ્ઠા રાખવાનું ગીતામાં પણ કહ્યું છે.

વળી, સૌનું રક્ષણ કરવાવાળી જે ધર્મમર્યાદા તેનું ખંડન તે પાખંડ કહેવાય. એટલે કે વેદવિરુદ્ધનો ધર્મ કે નાસ્તિકનો કલ્પિત ધર્મ કે કલ્પિત સંપ્રદાયો કે ગુરુઓ જેને કોઈ વૈદિક ઉપાસના કે ધર્મમર્યાદા માન્ય નથી તેનું આચરણ કે અનુસરણ ન કરવું.

## શૌચાદિક વિવેક

શતાનંદ મુનિ સત્સંગિજીવનમાં કહે છે : 'પારકાના ઘરનું આંગણું, રાજકીય સ્થાનો, યવનનાં સ્થાનો, સિપાઈનાં સ્થાનો આ બધાં લોકમાં નિષેધ કરેલાં સ્થાનોએ મળમૂત્રનો ત્યાગ ન કરવો અને ત્યાં થૂંકવું પણ નહિ. શાસ્ત્રે નિષેધ કરેલાં સ્થાનો જેવાં કે ગૌશાળા, જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાયા, ફૂલવાડી, બગીચા, જળ, ભસ્મ, રાફડો વગેરે સ્થળે મળમૂત્ર ન કરવું ને થૂંકવું પણ નહિ.' (૩૨)

## વસ્ત્રપરિધાન વિવેક

જે વસ્ત્ર પહેર્યે-ઓઢ્યે પોતાનાં અંગો દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે ન પહેરવું. કહેતાં અતિશય ઝીણાં, પારદર્શક અથવા અતિશય ટૂંકાં વસ્ત્રો પણ ન પહેરવાં જોઈએ. મનને ઉત્તેજિત કરનારી પશ્ચિમની પરિધાન શૈલીનું આપણે આંધળું અનુકરણ ન કરવું જોઈએ. (૩૮)

## નૈમિત્તિક કર્મ

ગ્રહણ, જન્મ-મરણનું સૂતક વગેરે નૈમિત્તિક કર્મો કહેવાય છે. તે રોજ કરવાનાં હોતાં નથી, પણ નિમિત્ત પ્રમાણે કરવાનાં હોય છે.

### ગ્રહણ

સૂર્યનું કે ચંદ્રનું ગ્રહણ થાય ત્યારે સત્સંગીઓએ સર્વે ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈ એક સ્થાનકે બેસીને ‘સ્વામિનારાયણ’ મંત્રનો જપ કરવો. આ સમયે ભજન સિવાય વ્યાવહારિક કોઈ કામ ન કરવું. વસ્ત્રાદિક કોઈ વસ્તુને અડવું નહિ, ગ્રહણનો વેધ લાગે તે પહેલાં રાંધેલું અન્ન હોય તે નાખી દેવું. અથાણું, દૂધ, છાશ, તેલ વગેરેમાં તલ અથવા દર્ભ નાખવાથી તે વસ્તુઓને ગ્રહણનું સૂતક લાગતું નથી.

સૂર્યગ્રહણમાં ગ્રહણ પૂર્વે ચાર પ્રહરમાં અને ચંદ્રગ્રહણમાં ગ્રહણ પૂર્વે ત્રણ પ્રહરમાં જમવું નહિ. ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્રેસહિત સ્નાન કરીને ગૃહસ્થોએ સામર્થી પ્રમાણે દાન કરવું અને ત્યાગીઓએ ભગવાનનું પૂજન કરવું. (૮૬, ૮૭)

## આપદ્ધર્મ

શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ એ અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો (૪૮). આપદ્ધર્મ એટલે દુઃખના સમયે આચરણ કરવાનો ધર્મ. અતિશય માંદા મનુષ્યને વ્રતને દિવસે જમવાનું શાસ્ત્રમાં કહ્યું છે પણ તે આદેશનો આધાર લઈ સામાન્ય માંદગીમાં જમી ન લેવું. મહાભારતમાં કહ્યું છે : ‘દેહનો નાશ થવાનો સમય આવ્યો હોય ત્યારે જ આપદ્ધર્મનું આચરણ કરવું, પછી શરીર અને દેશકાળ સારો થાય ત્યારે પહેલાંની જેમ વર્તવું.’

છાંદોગ્ય ઉપનિષદમાં ઉપસ્તિ ઋષિની વાત આવે છે. તેને ઘણા દિવસ સુધી ખાવા અન્ન ન મળ્યું. મૃત્યુની પળ પાકી ગઈ. છેવટે એક મહાવત

પાસે ગયા. તે સડેલા અડદ બાફીને ખાતો હતો. તેના એઠા અડદ દેહનિર્વાહ માટે ઉપસ્તિ થોડા જમ્યા. પછી મહાવતે એઠું પાણી આપ્યું ત્યારે ઉપસ્તિએ ના પાડી અને કહ્યું : 'મારો દેહ અડદથી ટકી શકશે. હવે એઠું પાણી હું નહિ પીઉં.' આ આપદ્ધર્મ.

વર્તમાનકાળે ધર્મમાં શિથિલતા આવી છે તેનું મુખ્ય કારણ મનુષ્યોએ અલ્પ આપત્કાળને મોટો આપત્કાળ ગણી લઈને ઘણી છૂટછાટ લઈ લીધી છે.

### પ્રાયશ્ચિત્ત

મહારાજે પ્રબોધેલા સદાચારનાં જુદાં જુદાં સ્વરૂપો આપણે જોયાં. હવે આ ધર્મોનો જાણ્યે-અજાણ્યે લોપ થઈ જાય તો તેની શુદ્ધિ માટે શાસ્ત્રોમાં (સત્સંગિજીવન વગેરે) પ્રાયશ્ચિત્ત-વિધિ કહેલો છે. તેમજ મહારાજને અખંડ ધારી રહેલા પ્રગટ સત્પુરુષ જે કહે તે ધર્મ કહેવાય છે, અને તે જે નિર્ણય કરે તે મુજબ પ્રાયશ્ચિત્ત કરવાથી પણ પાપની શુદ્ધિ થાય છે. પ્રાયશ્ચિત્ત શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરવું જોઈએ. પ્રાયશ્ચિત્ત કર્યા પછી એ ભક્ત પૂર્વવત્ શુદ્ધ ગણાય છે. એને પાપે યુક્ત ન સમજવો. (૯૨)

## ૨. સગરામ

અગણોતેરામાં ભારે દુકાળ પડ્યો. વેપારીના ઘરમાં ધાન ન રહ્યું તો ગરીબગુરબાંની શી દશા ! ધન-ધાન વિનાનો પીડાતો સગરામ દુકાળ ગુજારવા પોતાની સ્ત્રી સાથે ચાલી નીકળ્યો. મનમાં વિચાર હતો કે મુક્તાનંદ સ્વામીના ખોળે જવું.

એવામાં રસ્તામાં કંઈ પગે અથડાયું. જોયું તો શેર ભારનો ચળકતો રૂપાનો તોડો ! સત્સંગથી રંગાયેલા સગરામના મનમાં તો આ પરાયો તોડો લઈ લેવાનો વિચાર સુધ્ધાં ક્યાંથી આવે ? પણ તેને થયું કે ખરાબ વખત છે ને પોતાની સ્ત્રીનું મન લોભાઈ જાય. એથી એણે પોતાના પગથી તોડા ઉપર ધૂળ વાળી.

પાછળ તેની સ્ત્રી મહારાજનું સ્મરણ કરતી ચાલી આવતી હતી. તેણે સગરામને કંઈક કરતાં જોયો. એટલે આગળ આવી પૂછ્યું. સગરામે મનમાં હતું તે ભોળે ભાવે કહી નાખ્યું. ત્યારે તેની સ્ત્રી બોલી : 'અરે, તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ! પારકી વસ્તુને તો હું ધૂળ જ સમજું છું.'



સગરામ ઝાંખો પડી ગયો, પણ મનમાં રાજી થયો.

થોડે આગળ ગયાં ને કેટલાક લોકો સામે મળ્યા. કોઈ હલકા વરણના જેવા જણાતા સગરામને જોઈને તેમણે પૂછ્યું કે ‘રસ્તામાં તોડો ભાળ્યો ?’

સગરામે કહ્યું કે ‘અમે જોયો છે ને ત્યાં દૂર પડ્યો છે.’ એમ કહી એંધાણી આપી. પણ તે લોકોને વિશ્વાસ ન આવ્યો એથી સગરામને સાથે લઈને તે જગ્યાએ ગયા. જોયું તો તોડો એમનો એમ પડેલો, ઉપર ધૂળ વાળેલી. સગરામની આ નીતિ જોઈને તેમને આશ્ચર્ય થયું, બક્ષિસ આપવા લાગ્યા. પણ સગરામે તે ન લીધી અને વિનયથી કહ્યું કે ‘અમે તો સ્વામિનારાયણના ભગત, અમારો ધરમ સાચવીએ.’

ચાલતાં ચાલતાં તે સુરત આવ્યો. મુક્તાનંદ સ્વામી ત્યાં બિરાજે. સ્વામીને સગરામનો પૂરો વિશ્વાસ. એક હરિભક્તને ભલામણ કરી બંનેને નોકરીએ રખાવ્યાં. વખત સારો થયો એટલે સગરામ ઘર ભણી જતો રહ્યો.

વઢવાણ પાસે લીમલી ગામનો આ સગરામ જાતે વાઘરી હતો. મુક્તાનંદ સ્વામીએ એને વર્તમાન ધરાવી સત્સંગમાં લીધો હતો. ભોળા દિલનો સગરામ સ્વામીની આજ્ઞાથી બ્રાહ્મણ કરતાં અધિક આચાર પાળતો. પરસ્ત્રીને અડી જવાય તો તે નાહીને ઉપવાસ કરી નાખતો.

ભાવનગરના વજેસંગ બાપુને કોઈએ કહેલું કે 'સ્વામિનારાયણ વાઘરીને વૈષ્ણવ કરે છે.' આ સાંભળી બાપુને ઘણું આશ્ચર્ય થયેલું. તેમણે સગરામને મળવા બોલાવ્યો. વિવેકથી નમ્ર બનેલો સગરામ બાપુના પગમાં બેઠો. બાપુએ પૂછ્યું : 'સગરામ ! સ્વામિનારાયણે તને કંઈ પરચો બતાવ્યો ?'

'આપ ખાવંદ ધણી, આપના ખોળામાં મને બેસવા મળ્યું એ જ મારે મન પરચો. આ અમે વાઘરી, પશુ જેવા તે સ્વામિનારાયણે ધરમ, નિયમ આપ્યા ને અમને શુદ્ધ કર્યા.' સગરામે નિખાલસભાવે કહ્યું. આ સાંભળી બાપુ રાજી થયા.

સગરામની સાચી ભક્તિથી મહારાજનો તેના ઉપર ખરો રાજીપો હતો. સગરામને મનમાં થયા કરે કે 'મહારાજ ગામોગામ પધારે ને હરિભગતનાં ખોરડાં પાવન કરે, પણ મારા કૂબામાં પધારે તો કેવું સારું !'

દયાળુ પ્રભુ એક રાત્રે છાનામાના સગરામને ત્યાં આવી પહોંચ્યા. સગરામના આનંદનો પાર ન રહ્યો. તેના કૂબામાં તો ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. પછી સાંગામાંચી ઉપર મહારાજને બેસાડ્યા અને સગરામ નાચતો-કૂદતો ગાવા લાગ્યો કે 'મારા કૂબામાં હાથી પેઠો.' વાઘરીના ઘરમાં વળી ભગવાન ક્યાંથી ? સગરામની સ્ત્રી પણ હરખઘેલી થઈ ગઈ. મહારાજ તેના હાથનું ધાન જમ્યા. ભગવાન તો ભક્તના ભાવ સામું જુએ પણ તેના કુળ સામું નહિ.

આ સગરામ વિદ્વાન પણ ઘણો હતો. શિયાણીના શિવરામ ભટ્ટને તેણે પ્રશ્નોત્તરમાં પાછા પાડ્યા હતા અને ભટ્ટજી મહારાજના આશ્રિત થયા હતા.

## ૩. વ્યાપકાનંદ સ્વામી

જ્યારે શીતળદાસ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ફણેણી આવી પહોંચ્યા, ત્યારે સ્વામી દેહ મૂકી ગયા હતા. આ સમાચારથી તેમને ઘણો આઘાત થયો. ઉત્તર ભારતના ઝરણાપરણા ગામના આ મુમુક્ષુ યુવાન રામાનંદ સ્વામીની પ્રશંસા સાંભળીને અહીં આવ્યા હતા.

મહારાજ તેમના મનની વાત જાણી ગયા. રામાનંદ સ્વામીનાં દર્શન કરાવવાનું આશ્વાસન આપી તેમને રોકાઈ જવા આગ્રહ કર્યો. મહારાજે તેમને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવા આજ્ઞા કરી. એકાએક ચમત્કાર થયો. શીતળદાસને મહારાજની ઇચ્છાથી સમાધિ થઈ. દિવ્ય આનંદનો અનુભવ

થયો. થોડા સમય પછી સમાધિમાંથી જાગ્રત થતાં તેમણે દિવ્ય દર્શનની વાત કરી : 'તેજોમય ધામમાં, તેજોમય સિંહાસન ઉપર મહારાજ બેઠા છે. રામ, કૃષ્ણ આદિક અવતારો, ખુદ રામાનંદ સ્વામી પણ મહારાજની સામે ઊભા છે અને સ્તુતિ કરે છે. મેં મહારાજની પૂજા કરી. પછી બધા મુક્તોની પૂજા મારે કરવી હતી. પણ હું એક અને મુક્તો અનંત.'

'ત્યારે મહારાજ કહે તમે સંકલ્પ કરો કે 'રામ-કૃષ્ણાદિક અવતારો અથવા રામાનંદ સ્વામી સર્વોપરી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય અને હું અનેક રૂપે સૌની એક સાથે પૂજા કરું.' મેં તે પ્રમાણે સંકલ્પ કર્યો પણ કંઈ થયું નહિ.'

'પછી મહારાજે કહ્યું એટલે મેં એમ સંકલ્પ કર્યો કે જો મહારાજ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનેક રૂપ થાય અને હું સૌની પૂજા કરી શકું. તરત જ મારાં અગણિત રૂપ મેં જોયાં ને મેં એક સાથે સૌની પૂજા કરી. ત્યારે રામાનંદ સ્વામીએ મને કહ્યું કે આ સહજાનંદ સ્વામી સર્વ અવતારના કારણ છે અને અમે સૌ એમના દાસ છીએ. શું એ ધામની શોભા ? શું એ મહારાજની શોભા ? વર્ણન થાય નહિ...'

શીતળદાસના મુખેથી આ વાત સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. ત્યારે બીજા ઘણા ભક્તોને સમાધિમાં આ જ પ્રમાણે દિવ્ય દર્શન થયાં. શીતળદાસને ભાગવતી દીક્ષા આપી મહારાજે તેમનું નામ 'વ્યાપકાનંદ સ્વામી' પાડ્યું.

સ્વામી એક વાર ફરતાં ફરતાં થાનગઢ પાસે વાસુકીનાગના પુરાતની મંદિરમાં ઊતર્યા. અહીં નૃત્ય કરતી પાષાણની સુંદર પૂતળીઓ ઘુંમટમાં ગોઠવી હતી. સ્વામીની સહજ દૃષ્ટિ પડી ને વૃત્તિ ત્યાં ચોંટી ગઈ. એકાએક પૂતળીઓ નાચવા લાગી. ત્યારે જ એમને ખ્યાલ આવ્યો કે મહારાજની નાની-મોટી આજ્ઞા કેટલી સચોટ છે. સાધુને સ્ત્રીની મૂર્તિપ્રતિમા પણ ન જોવાનો નિષેધ સમજાયો.

એક વખત સ્વામી ફરતાં ફરતાં બોટાદ હમીરખાચરને ત્યાં પધાર્યા. દરબારમાં રોકકળ થતી હતી. સ્વામીએ પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે બાપુની ઘોડી મરી ગઈ છે. ઘોડી મરી તે બાપુને મન દીકરો મર્યા જેવું દુઃખ હતું. સ્વામીને દયા આવી. 'સ્વામિનારાયણ' મંત્ર બોલતાં સ્વામીએ પાણીની અંજલિ ઘોડી ઉપર છાંટી અને એક મચ્છરિયાનો જીવ લઈને તે ઘોડીમાં



નાખી દીધો. ઘોડી હણહણતી બેઠી થઈ. દરબારમાં આનંદ વ્યાપી ગયો. બાપુ હમીરખાચર સ્વામીના પગમાં પડી ગયા.

પછી સ્વામી મહારાજ પાસે ઝીંઝાવદર પધાર્યા. અહીં મહારાજે આવકાર આપ્યો નહિ. પણ ખીમબાઈને ટકોર કરી કે ‘અમારા પ્રભુ આવ્યા છે તેમને માટે થાળ કરજો.’

‘મહારાજ ! તમારા પ્રભુ વળી કોણ ?’ ખીમબાઈએ પૂછ્યું.

‘વ્યાપકાનંદ સ્વામી અમારા પ્રભુ છે,’ મહારાજે હસતાં હસતાં કહ્યું.

વ્યાપકાનંદ સ્વામી બહુ દિલગીર થયા અને મહારાજને કહ્યું : ‘મહારાજ ! હું તો આપનો સેવક છું. મને આમ કાં કહો ?’

‘તમે તો મૂઆને જીવતા કરો છો, માટે તમને પ્રભુ કહ્યા,’ મહારાજે દઢતાથી કહ્યું.

સ્વામી કહે : ‘મને તો બાપુની દયા આવી એટલે એક જીવ આમાંથી આમાં નાખી દીધો, પણ મારી ભૂલ થઈ હોય તો મને માફ કરો.’

પછી મહારાજે સ્વામીને સમજાવ્યું કે ‘આપણે મૂઆને જીવતા કરવા નથી આવ્યા. આપણે તો દરેક જીવને આત્મા અને પરમાત્માનું સાચું જ્ઞાન શીખવવાનું છે. અજ્ઞાન દૂર કરી સૌને અક્ષરધામમાં લઈ જવાના છે. અમારી ઇચ્છાથી ઘોડી સજીવન થઈ પણ કોઈ રાજાનો કુંવર મરી જશે ને તમે એને જીવતો નહિ કરી શકો તો રાજા તમને મારી નાખશે. માટે ઉપદેશ આપવો પણ ચમત્કાર ન બતાવવો.’

સ્વામીને ઘણો પશ્ચાત્તાપ થયો. પછી ગદ્‌ગદ થઈ મહારાજની માફી માગી અને મહારાજની આજ્ઞાથી ગઢપુર ગયા.

## ૪. ગોડી

### રાગ : પૂરવ, પદ - ૧

સંત સમાગમ કીજે, હો નિશદિન... સંત
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે. હો નિશ૦
અંતર કપટ મેટકે અપનો, લે ઉનકું મન દીજે. હો નિશ૦
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કૃત, સબવિધિ કારજ સીજે. હો નિશ૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે. હો નિશ૦

### પદ - ૨

સંત પરમ હિતકારી, જગતમાંહી... સંત
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી. જગત૦
પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી. જગત૦
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી. જગત૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મોરારી. જગત૦

## ૫. ધૂન

રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ,
હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ.
નારાયણ હરે, સ્વામિનારાયણ હરે,
સ્વામિનારાયણ હરે, સ્વામિનારાયણ હરે.
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે,

જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે.
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે,
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે.
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ,
જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ.
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ,
વૃન્દાવનચંદ્ર, જય રાધે ગોવિંદ.
માધવ મુકુંદ જય, માધવ મુકુંદ,
આનંદકંદ, જય માધવ મુકુંદ.
સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ...

## ૬. શ્રી સ્વામિનારાયણાષ્ટકમ્[3]

**અનન્ત-કોટીન્દુ-રવિપ્રકાશે**
**ધામ્ન્યક્ષરે મૂર્તિમતાક્ષરેણ ।**
**સાર્ધં સ્થિતં મુક્તગણાવૃતં ચ**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૧ ॥**

અનંત કોટિ ચંદ્ર અને સૂર્ય સમાન પ્રકાશમાન તેજોમય અક્ષરધામમાં અનાદિ મૂર્તિમાન અક્ષર અને અનંત મુક્તોથી વિંટળાયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૧)

**બ્રહ્માદિ-સમ્પ્રાર્થનયા પૃથિવ્યાં**
**જાતં સમુક્તં ચ સહાક્ષરં ચ ।**
**સર્વાવતારેષ્વવતારિણં ત્વાં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૨ ॥**

બ્રહ્મા વગેરે દેવોની પ્રાર્થનાથી પૃથ્વી ઉપર અક્ષર(સ્વામીશ્રી ગુણાતીતાનંદજી) અને મુક્તો(સ્વામીશ્રી ગોપાળાનંદ આદિ)ની સાથે પ્રગટ થયેલા સર્વ અવતારોના પણ અવતારી, પૂર્ણાવતાર એવા આપ ભગવાન શ્રી

---

૩. સ્વામી શાસ્ત્રીજી મહારાજ કહેતા કે આ અષ્ટક જે એક વાર બોલશે તેને એક રાજસૂય યજ્ઞનું પુણ્ય મળશે. માટે દરેક હરિભક્તે સાયંકાળે સંધ્યા આરતી પછી આ અષ્ટક અવશ્ય બોલવું.

સ્વામિનારાયણને હું નમન કરું છું. (૨)

**દુષ્પ્રાપ્યમન્યૈઃ કઠિનૈરુપાયૈઃ**
**સમાધિસૌખ્યં હઠયોગમુખ્યૈઃ ।**
**નિજાશ્રિતેભ્યો દદતં દયાલું**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૩ ॥**

હઠયોગ વગેરે કઠિન સાધનોથી પણ સમાધિ દુર્લભ છે એવી સમાધિનું સુખ પોતાના આશ્રિતજનોને કેવળ કૃપા વડે જ સહેજમાં આપી દેનાર દયાળુ પ્રભુ શ્રી સ્વામિનારાયણને હું પ્રણામ કરું છું. (૩)

**લોકોત્તરૈ ર્ભક્તજનાંશ્ચરિત્રૈ**
**રાહ્લાદયન્તં ચ ભુવિ ભ્રમન્તમ્ ।**
**યજ્ઞાંશ્ચ તન્વાનમપારસત્ત્વં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૪ ॥**

પોતાનાં લોકોત્તર દિવ્ય ચરિત્રો વડે ભક્તજનોને આનંદ આપતા, પૃથ્વી ઉપર વિચરણ કરતા, અનેક યજ્ઞ કરતા અને અપાર પરાક્રમવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમન કરું છું. (૪)

**એકાન્તિકં સ્થાપયિતું ધરાયાં**
**ધર્મં પ્રકુર્વન્તમમૂલ્યવાર્તાઃ ।**
**વચઃસુધાશ્ચ પ્રકિરન્તમૂર્વ્યાં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૫ ॥**

પૃથ્વી ઉપર એકાંતિક ધર્મની સ્થાપના માટે અમૂલ્ય કથાવાર્તાનો ઉપદેશ કરનારા, વચનામૃતરૂપી અમૃતવૃષ્ટિ વરસાવતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું. (૫)

**વિશ્વેશભક્તિં સુકરાં વિધાતું**
**બૃહન્તિ રમ્યાણિ મહીતલેસ્મિન્ ।**
**દેવાલયાન્યાશુ વિનિર્મિમાણં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૬ ॥**

અખિલ વિશ્વના ઈશ્વર - પરમાત્મા પુરુષોત્તમ નારાયણની ભક્તિ સર્વે લોકો સહેલાઈથી કરી શકે તે માટે આ ભૂમંડલ ઉપર મોટાં રમણીય દિવ્ય દેવાલયો, મંદિરો શીઘ્ર નિર્માણ કરતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું

પ્રણામ કરું છું. (૬)

**વિનાશકં સંસૃતિબન્ધનાનાં**
**મનુષ્યકલ્યાણકરં મહિષ્ઠમ્ ।**
**પ્રવર્તયન્તં ભુવિ સમ્પ્રદાયં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૭ ॥**

સંસારનાં બંધનોનો નાશ કરનાર અને માનવોનું કલ્યાણ કરનાર એવા મહાન સંપ્રદાયને પૃથ્વી ઉપર પ્રવર્તાવનારા એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને હું નમન કરું છું. (૭)

**સદૈવ સારંગપુરસ્ય રમ્યે**
**સુમન્દિરે હ્યક્ષરધામતુલ્યે ।**
**સહાક્ષરં મુક્તયુતં વસન્તં**
**શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ ૮ ॥**

સાક્ષાત્ અક્ષરધામ સમાન સારંગપુરના રમણીય મંદિરમાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તથા મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી સહિત સદા વિરાજતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૮)

## ૭. પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય[૪] તવ ઘનશ્યામ,
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ[૫] તવ, એકાંતિક સુખધામ. ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર,
દોષ[૬] ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર. ૨
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ[૭] કછુ નહિ હોય,
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ[૮] મોય. ૩
નાથ નિરંતર દર્શ[૯] તવ, તવ દાસનકો દાસ[૧૦],
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત,
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ,
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬

સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય,
તાકી વિક્તિ કરત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭
હિંસા[૧૧] ન કરની જન્તુ કી, પરત્રિયાસંગકો[૧૨] ત્યાગ,
માંસ[૧૩] ન ખાવત મદ્યકું,[૧૪] પીવત નહિ બડભાગ્ય. ૮
વિધવાકું[૧૫] સ્પર્શત નહિ, કરત ન [૧૬]આત્મઘાત,
ચોરી[૧૭] ન કરની કાહુંકી, કલંક[૧૮] ન કોઈકું લગાત. ૯
નિંદત[૧૯] નહિ કોય દેવકું, બિન ખપતો[૨૦] નહિ ખાત,
વિમુખ જીવકે વદનસે[૨૧] કથા સુની નહિ જાત. ૧૦
એહી ધર્મકે નિયમમેં, બરતો સબ હરિદાસ,
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ. ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત,
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિ:શંક જગજીત. ૧૨

**સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં બોલવાના શ્લોકો :**[૨૨]

કૃપા કરો મુજ ઉપરે, સુખનિધિ સહજાનંદ,
ગુણ તમારા ગાવવા, બુદ્ધિ આપજો સુખકંદ. ૧
અક્ષરપુરુષોત્તમ અહીં, પૃથ્વી ઉપર પધારિયા,
અનેક જીવ ઉદ્ધારવા, મનુષ્યતન ધારી રહ્યા. ૨

## ૮. રત્નાકર અને ચાર ભાઈઓ

ચાર ભાઈઓ હતા. ખૂબ સંપીલા. પણ ગરીબ બહુ. દ્રવ્ય કેમ મેળવવું તેનો વિચાર તેઓ કરવા લાગ્યા. તેમને થયું કે દરિયો રત્નાકર છે, તો દરિયાદેવને રાજી કરીએ.

તેઓ દરિયા કિનારે ગયા. તપ શરૂ કર્યું. નાહી-ધોઈ દરિયાનું ભજન કરવું અને એક વાર જમવું. બપોરે રસોઈ કરવાનું ચારેય ભાઈઓએ વહેંચી લીધું. એક ગામમાંથી લોટ માગી લાવે. બીજો કૂવામાંથી પાણી સીંચી લાવે.

---

* ૪ થી ૧૦ પ્રાર્થનાઓ બાદ ૧૧ થી ૨૧ શ્રીહરિએ કહેલા એકાદશ નિયમો છે.

૨૨. સાયંકાળે ગોડી બોલ્યા પછી આરતી, ધૂન, શ્રી સ્વામિનારાયણાષ્ટકમ્, પ્રાર્થના પછી ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા આ શ્લોકો બોલવા. પછી શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુપરંપરાના સ્તુતિ-શ્લોકો બોલવા.

ત્રીજો લાકડાં કાપી લાવે અને ચોથો રસોઈ કરે. સૌ ભેગા બેસી પ્રેમથી જમે. આ તેમનો નિત્યક્રમ.

આવું આકરું તપ કરે. કોઈ કોઈની ઈર્ષા કરે નહિ. હળીમળીને રહે. આ જોઈ દરિયાલાલ પ્રસન્ન થયા. પણ તેમણે ચારેય ભાઈઓની પરીક્ષા લેવાનું વિચાર્યું.

ચારેય ભાઈઓ પોતપોતાના કામમાં ગૂંથાયા હતા. બ્રાહ્મણનું રૂપ લઈ દરિયાદેવ આવ્યા. એક ભાઈ લોટ લેવા ગયો હતો તેને મળ્યા. પૂછપરછ કરી. તો તે ભાઈએ બધી વાત કરી. ત્યારે બ્રાહ્મણે વચમાં જ કહ્યું કે 'હું હમણાં જ તારા ભાઈ પાસેથી આવું છું. તું આટલી બધી મહેનત કરે છે પણ તે તો તારી વિરુદ્ધ બોલે છે.'

પણ તે આગળ બોલે તે પહેલાં જ તે ભાઈએ બ્રાહ્મણને ધમકાવીને કહ્યું કે 'મારો ભાઈ એવું કદી બોલે જ નહિ.'

વીલે મોંએ બ્રાહ્મણ પાછો ફર્યો. બીજા ત્રણેય ભાઈઓ પાસે જઈને તેણે તે જ પ્રમાણે કહ્યું, પણ બધેથી તેને સરખો જ જવાબ મળ્યો.

દરિયાદેવને ખાતરી થઈ કે આ ભાઈઓ બહુ સંપવાળા છે. કદાચ હું તેમને દ્રવ્ય આપીશ તો તેઓ ઝઘડશે નહિ, તેમ જ તેનો દુરુપયોગ પણ નહિ કરે. તેઓ મૂર્તિમાન પ્રગટ થયા અને ચારેય ભાઈઓને ખોબો ભરીને



રત્નો આપ્યાં.

'સંપ ત્યાં જંપ' એ તો આપણે સૌ જાણીએ છીએ, અને સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું છે : *'થઈ એકમના પ્રભુને ભજીએ.'*

આપણે સૌ સંપ રાખીએ, કોઈની વિરુદ્ધ ન બોલીએ તો જ ભગવાન રાજી થાય. યોગીજી મહારાજ પણ આપણને સૌને 'સંપ, સુહૃદભાવ અને એકતા' રાખવાનું શીખવતા.

## ૯. નેનપુરના દેવજી ભગત

કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી ફરતાં ફરતાં નેનપુર ગામે દેવજીભાઈને ત્યાં પધાર્યા. તેઓ મહારાજના ખરેખરા ભગત. સંતોને આવકાર આપી ઉતારો કરાવ્યો. જમવાનું પૂછ્યું પણ સંતોએ ના પાડી. એટલે દેવજીભાઈ સંતો પાસે વાતું સાંભળવા બેઠા.

મહારાજનાં લીલાચરિત્રો અને મહિમાની અદ્‌ભુત વાતો કરતાં કરતાં રાતના બાર વાગ્યા. એટલે દેવજીભાઈએ કહ્યું : 'સ્વામી ! તમે હાલીને આવ્યા છો. વળી થાક્યા હશો માટે સૂઈ જાઓ.' એમ કહી તેઓ ખેતરે ચાલ્યા.

એટલે સંતોએ પૂછ્યું : 'તમે ક્યારે સૂશો ?'

'સ્વામી ! હું તો ખેતરમાં આંટો દઈશ, પછી બસો માળા ફેરવીશ. ત્યાં નિંદર એક રાશવા છેટે ઊભી હશે, તેને બોલાવીશ ત્યારે આવશે.' દેવજીભાઈએ હળવેકથી કહ્યું. આ સાંભળી સંતોને ઘણું આશ્ચર્ય થયું.

આ દેવજીભાઈ મહારાજના એકાંતિક ભક્ત હતા.

એક વાર મહારાજ સભામાં માળા ફેરવતા હતા ત્યારે સુરાખાચરે સહેજ પૂછ્યું કે 'મહારાજ ! અમે તમારી માળા ફેરવીએ. પણ તમે કોની માળા ફેરવો ?'

'અમે અમારા ભક્તની માળા ફેરવીએ,' મહારાજે કહ્યું.

'કયા ભગત ?' સુરાખાચર એક પછી એક નામ બોલવા લાગ્યા.

'બધા ભગત સાચા, પણ માળાના મણકામાં આવે નહિ,' એમ કહી મહારાજે દેવજીભાઈને સંભાર્યા ને માળાનો પારો મૂક્યો. એવા એ પરમ ભક્ત હતા.

દેવજીભાઈના સંગે તેમનાં પત્ની પણ એવાં જ ભક્ત હતાં. તેમને એક

દીકરો હતો. તે અખંડ મહારાજને દેખતો, એવી એની સ્થિતિ હતી. મોટો થયો એટલે તેને પરણાવવા માગાં આવવા લાગ્યાં. માબાપને થયું કે ‘જો તેને પરણાવીશું તો મહારાજની મૂર્તિનાં તેને દર્શન થાય છે અને સુખ લે છે તે મટી જશે.’

ત્યાં મહારાજની ઈચ્છાથી દીકરો ધામમાં ગયો. આથી બંને જણાં બહુ રાજી થયાં, કારણ કે દીકરાને મહારાજે પોતાની પાસે અખંડ સેવામાં રાખી લીધો હતો.

પણ લોક સૌ ખરખરો કરવા આવે. એટલે દેવજીભાઈ તેમનાં પત્નીને કહે : ‘અહીં રહીશું તો સગાંવહાલાં રોકકળ કરશે ને દુઃખ દેશે. માટે હું જઉં ખેતરે ને તમે આ ઘીનો ગાડવો લઈને મહારાજ પાસે જાઓ. ઘી મહારાજની સેવામાં ધરજો ને મારા સમાચાર આપજો.’

પટલાણી જ્યારે માથે ગાડવો ઉપાડીને ગઢડે પહોંચ્યાં, ત્યારે મહારાજ દરબારમાં ઓશરી ઉપર જમવા બેઠા હતા. ઘીનો ગાડવો ઉતારી પટલાણી દૂરથી મહારાજને પગે લાગ્યાં. મહારાજ તેમને ઓળખી ગયા ને પૂછ્યું : ‘કેમ, પટેલ સુખી છે ને ?’

‘મહારાજ ! પટેલ સુખી તો હતા ને હવે વધુ સુખી થયા,’ પટલાણી ખોંખારો ખાતાં બોલ્યાં.

મહારાજ તો બધું જાણતા હતા પણ બધાને જાણ થાય એટલે પૂછ્યું : ‘શું થયું ? વાત તો કરો.’

એટલે પટલાણીએ માંડીને વાત કરી. લાડુબા, જીવુબા, હરજી ઠક્કર બધાં ત્યાં ઊભાં હતાં.

મહારાજે સૌને કહ્યું : ‘આ ભગતની સમજણ તો જુઓ. જુવાન દીકરો ધામમાં ગયો તો રાજી થયાં, ને પાંચ વરસનાં હીરુબા (પાંચુબાનાં દીકરી) ધામમાં ગયાં તે દરબારમાં શોક મટતો નથી ને અમારો થાળ બંધ થયો. કદાચ શોક થાય તો હરજી ઠક્કરને થાય, કેમ કે હીરુબા પૂર્વજન્મમાં એમનાં મા હતાં. અને અમને જમાડવાનો સંકલ્પ હતો તે દરબારમાં જન્મ લીધો ને અમને દૂધ-પૂરીનો થાળ જમાડી ધામમાં ગયાં.’

આ સાંભળી લાડુબા, જીવુબાનો શોક ટળી ગયો ને તે બધાં પટલાણીને મનોમન પગે લાગ્યાં.

# ૧૦. ગુરુ-શિષ્ય

## ગુરુ

'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. અંધકાર કહેતાં અજ્ઞાનને ટાળી ને પ્રકાશ કહેતાં જ્ઞાન આપે તે ગુરુ. સર્વ જીવો માયાના અંધકાર તળે છે. માયાનો અંધકાર એટલે અહંતા અને મમતા, 'હું અને મારું.' જેને કદાપિ આ માયા વળગી જ ન હોય તે ગુરુ છે. વેદરસમાં શ્રીજીમહારાજ કહે છે : 'ગુરુ તે બ્રહ્મ છે !'

સારંગપુરમાં ફૂલદોલના સમૈયામાં *'સદ્ગુરુ ખેલે વસંત'* એ હોરીનું પદ બોલીને મહારાજે સંતોને પૂછ્યું : 'આ સદ્ગુરુ કોણ ?'

'આપ પોતે.' સંતોએ કહ્યું.

ત્યારે મહારાજે પોતાની છડી ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં અડાડીને કહ્યું, 'એ સદ્ગુરુ તો ગુણાતીતાનંદ સ્વામી છે. જે અમારે રહેવાનું બ્રહ્મધામ છે.'

ગુણાતીત કહેતાં રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણ - એ ત્રણ ગુણથી અતીત એટલે પર જે છે, તેવા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ જ ગુરુ છે.

શ્રીજીમહારાજને પામવા માટે ગુરુ એ દ્વાર છે. જીવને શુદ્ધ કરી બ્રહ્મરૂપ કરી મહારાજની સેવામાં જોડી દે એ ગુરુ.

કઠોપનિષદમાં કહ્યું છે : ઊઠ, જાગ્રત થા, સત્પુરુષને પામીને આત્મ-જ્ઞાન પ્રાપ્ત કર.

ભાગવત્પુરાણ પણ પરબ્રહ્મ-પરમાત્મામાં સદા મગ્ન રહેતા 'બ્રહ્મ-નિષ્ઠ' અને શાસ્ત્રના શબ્દમાત્રના અર્થને જાણનારા 'શ્રોત્રિય' ગુરુ પાસે જિજ્ઞાસુને જવા આદેશે છે. વળી કહ્યું છે :

*'ગુરુ ગોવિંદ દોનું ખડે, કીસકો લાગુ પાય,*
*બલિહારી ગુરુદેવકી, જીને ગોવિંદ દીયો બતાય.'*

મૂળ અક્ષરબ્રહ્મ એક છે, તે જ ગુરુ છે અને તે જ પ્રગટ છે. માટે ગુરુ ઘેર ઘેર હોય નહિ. તે તો એક જ હોય. ગુણાતીતાનંદ સ્વામી પછી ગુણાતીત-સ્વરૂપ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ - જેમણે શ્રીજીમહારાજને અખંડ ધારેલા તે જ સાચા ગુરુ છે. વર્તમાનકાળે

ગુણાતીતસ્વરૂપ - પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ(નારાયણસ્વરૂપદાસજી)માં મહારાજ અખંડ બિરાજે છે તેથી તે જ સાચા ગુરુ છે, તેમનો આશરો કરવાથી બ્રહ્મભાવ પમાય છે અને શ્રીજીમહારાજની પ્રાપ્તિ થાય છે.

ગુરુ એ શિષ્યને માટે ઉપાસના અને ભક્તિ સિદ્ધ કરવાનો આદર્શ છે. આદર્શ હંમેશાં સંપૂર્ણ જોઈએ તો જ શિષ્યમાં તેવું દૈવત આવે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિઃસ્નેહ, જેવા પંચ વર્તમાને જે સંપૂર્ણ હોય અને ભગવાનની સેવકભાવની દૃઢતા હોય તે જ ગુરુ છે.

ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. ગુરુના ગુરુનું વૃત્તાંત-ચરિત્ર જોવું, ગુરુનું પોતાનું વર્તન જોવું અને તેમના શિષ્યનું વર્તન જોવું. ભાગવતમાં ઋષભદેવજી કહે છે : 'જે જન્મ-મૃત્યુમાંથી છોડાવે નહિ, તે ગુરુ નહિ.'

જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભક્તિ અને બ્રહ્મ-પરબ્રહ્મના શુદ્ધ સ્વરૂપની સર્વોપરી ઉપાસના ધરાવતા હોય તેવા પરમ એકાંતિક સંત જ ગુરુ કરવા યોગ્ય છે. સાચા ગુરુની પ્રાપ્તિ પૂર્વના શુભ સંસ્કારે થાય છે. ઉપરનાં લક્ષણો જોઈને ગુરુ કરવા.

## શિષ્ય

જેમ આપણે ગુરુનું સ્વરૂપ જોયું તેવી જ રીતે આદર્શ શિષ્યનું સ્વરૂપ-લક્ષણ જોવું જોઈએ. ગુરુમાં અતિશય પ્રીતિ અને એમના વચનમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ એ શિષ્યનું લક્ષણ છે. જેમ અર્જુને શ્રીકૃષ્ણ પ્રત્યે કહ્યું : शिष्यस्तेऽहं साधि मां त्वां प्रपन्नम् । 'હું તમારો શિષ્ય છું, હું શરણે આવું છું, તમે મને ઉપદેશ આપો.' આવો શરણાગતિનો સૂર નીકળવો જોઈએ.

સત્યકામ જાબાલિ, ગુરુના આશ્રમમાં બ્રહ્મવિદ્યા ભણવા ગયા. ગુરુએ તેને ચારસો ગાય આપી અને કહ્યું આમાંથી હજાર ગાય થાય ત્યારે આશ્રમમાં આવજે. સત્યકામે ગુરુની આજ્ઞા પ્રમાણે ગાયોની ખૂબ સેવા કરી. જ્યાં હજાર ગાયો થઈ ગઈ, ત્યાં તો સત્યકામના મુખ ઉપર બ્રહ્મતેજ ઝળકી ઊઠ્યું. ગુરુકૃપાથી આપોઆપ તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું.

ભગતજી મહારાજે પણ ગુણાતીતાનંદ સ્વામીના વચન ઉપર દેહ સમર્પણ કરી દીધું. *'તન કરી નાખે રે, ગુરુવચને ચૂરેચૂરા'* એવી તેમણે સેવા કરી. તો સ્વામી રાજી થઈ ગયા. યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજે એક વાર કહ્યું : 'જોગી ! તમારે રોજ આ મજૂરો અને હરિભક્તોને જમાડવા.'

ફરીથી શાસ્ત્રીજી મહારાજને તેમને યાદ કરાવવું પડ્યું નહીં. ચાલીસ વર્ષ સુધી તેમણે તે પ્રમાણે સેવા કરી.

ગુરુ એ શિષ્યનો આત્મા છે. ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તે તે આત્મારૂપે વર્ત્યા કહેવાય. ગુરુ થકી શિષ્ય બ્રહ્મરૂપ થાય પણ છતાં ગુરુને વિષે પૂજ્ય-ભાવ ન ભૂલે.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા : 'ગુરુ અંધારામાં બેઠા હોય અને શિષ્યના તેજથી ગુરુનાં દર્શન થતાં હોય તો પણ શિષ્ય એમ સમજે જે આ મારા ગુરુનું આપેલું તેજ છે.' આ છે ગુરુ વિષેના પૂજ્યભાવની પરાકાષ્ઠા. યોગીજી મહારાજે આટલો બધો સત્સંગ ફેલાવ્યો પણ શાસ્ત્રીજી મહારાજને હંમેશાં આગળ રાખ્યા.

संप्रदायो गुरुक्रमः । એમ શાસ્ત્રમાં કહે છે. તે મુજબ ગુણાતીત સત્પુરુષની પરંપરામાં આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી આપણા ગુરુ છે. આદર્શ ગુરુ તો મળ્યા છે પણ એમની કૃપાથી આપણે આદર્શ શિષ્ય બનવાનું રહે છે.

## ૧૧. આત્માનંદ સ્વામી

રામાનંદ સ્વામીના કેટલાક સંતોને મહારાજ ગુરુભાઈ ગણતા અને તેમને 'ભાઈ' કહીને બોલાવતા. ભાઈ રામદાસ સ્વામી ધામમાં ગયા પછી તેમની ગાદી મહારાજે આત્માનંદ સ્વામીને આપી. ત્યારથી તેઓ ભાઈ સ્વામી અથવા ભાયાત્માનંદ સ્વામીના નામથી ઓળખાતા. સંપ્રદાયમાં તેમનો વૃદ્ધાત્માનંદ સ્વામી તરીકે પણ ઉલ્લેખ છે.

મૂળ મારવાડના વતની આ સંતનો જન્મ સં. ૧૭૯૯માં ઊંટવાળ ગામે થયો હતો. ભગવાનને મેળવવા તેમણે તીર્થ, વ્રત આદિક ઘણાં સાધનો કર્યાં. છેવટે વૃદ્ધાવસ્થામાં તેમને સોરઠમાં મેઘપુર ગામે મહારાજનાં દર્શન થયાં. તરત નિશ્ચય થયો અને મહારાજના આશ્રિત બનીને રહ્યા.

શ્રીજીમહારાજની નાની-મોટી દરેક આજ્ઞા પાળવાનું તેમને બહુ તાન. તેથી તેઓ 'વચનની મૂર્તિ' ગણાતા. મહારાજે અનેક કડક નિયમો આપ્યા પણ તે તેમણે સારધાર પાળ્યા. મહારાજે ખટરસનાં વર્તમાન સંતોને આપ્યાં હતાં. છ માસ પછી તે છોડાવ્યાં પણ ભાઈસ્વામીને તેની ખબર મળી નહિ.

તેથી તેમણે તો કેટલાય સમય સુધી તે નિયમ ચાલુ રાખ્યો. પછી મહારાજ ભેળા થયા ત્યારે તેમણે તે નિયમ મૂક્યો.

દેહનો અનાદર પણ એમનો જ. તેઓ સ્નાન કરતા ત્યારે કોઈ વખત શરીરે હાથ ફેરવતા જ નહિ. તેમના શરીરે પુષ્કળ વાળ હતા. તેથી ધીરે ધીરે આખા શરીરમાં જીવડાં પડી ગયાં હતાં. પછી કોઈ જીવડું બહાર પડી જાય તો તેઓ તેને પાછું શરીરમાં નાખતા અને બોલતા : 'લે, તેરા ખાજ હૈ.'

મહારાજને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેમણે સ્વામીને સભામાં બોલાવ્યા. પછી વાળંદ પાસે આખા શરીરના વાળ ઉતરાવ્યા. ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને શરીરની સંભાળ રાખવા આજ્ઞા કરી.

પણ સ્વામીને એવું અંગ હતું કે પોતાની મેળે શરીરનું જતન કરવું જ નહિ. એક વખત તેમને આખા શરીરે ખસ થઈ હતી, અને એક ગામથી બીજે ગામ જવાનું હતું. ગુણાતીતાનંદ સ્વામી સાથે હતા. ગાડું નક્કી કર્યું પણ ગાડાવાળો ઠેઠ સુધી આવવા તૈયાર થયો નહિ. એટલે સ્વામી કહે : 'મારું નામ આત્માનંદ છે તે આજે સાર્થક કરું,' એમ કહી ચાલવા લાગ્યા. ખસના ફોડલા તો ફટ ફટ ફૂટતા જાય અને પરું પણ વહ્યું જાય. પછી બીજે ગામે ગુણાતીતાનંદ સ્વામીએ તેમને પરું લૂછીને નવરાવ્યા.

તેમની આવી સ્થિતિ જોઈ મહારાજ ઘણી વખત રાજીપો બતાવતા અને હાર, પ્રસાદી વગેરે તેમને આપતા.

પાછળથી મહારાજની આજ્ઞાથી તેઓ ધોલેરા રહેતા હતા. તેમને સો ઉપર વરસ થયાં હતાં તેથી નવા દાંત પણ ફૂટ્યા હતા. મહારાજને વિષે તેમને અપાર સ્નેહ. મહારાજના અક્ષરધામગમન પછી તેઓ વાગડ રહેતા. ગુણાતીતાનંદ સ્વામી તેમની સાથે ફરતા અને સેવા કરતા. એટલે તેમને વિષે પણ ભાઈસ્વામીને ઘણું હેત હતું.

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ સાથે એક વખત તેઓ નડિયાદ પધાર્યા. અહીં પધરામણીમાં એક હરિભક્તને ઘેર, મોટા સંતો માટે ખુરશી ગોઠવી હતી તે ભાઈસ્વામીને ગમ્યું નહિ. આથી, બીજે દિવસે તેમણે પધરામણીમાં જવા ના પાડી અને આચાર્ય મહારાજને કહી મોકલ્યું કે 'તમારા બાપે આંખે પાટા બંધાવીને ઘૂમટા કઢાવ્યા અને તમે સ્ત્રીઓની વચ્ચે સાધુઓને ઊભા રાખો છો. ખુરશીઓ કઢાવી નખાવો તો પધરામણીમાં આવીએ.'

આચાર્ય મહારાજે તે પ્રમાણે બંદોબસ્ત કર્યો.

આવો હતો એમને ધર્મ પાળવાનો આગ્રહ. તેઓ કહેતા કે 'મહોબતને અને ધર્મને બને નહિ. ધર્મ રાખવો હોય તો મહોબત છોડવી પડે અને મહોબત રાખવી હોય તો ધર્મનો ત્યાગ કરવો પડે.'

વાગડ પાસે અણિયાળીમાં ભાઈસ્વામી બિરાજતા હતા. તેમને હવે ૧૧૬ વર્ષ થયાં હતાં. એવામાં ગુણાતીતાનંદ સ્વામી ત્યાં પધાર્યા. તેમણે ભાઈસ્વામીને પૂછ્યું કે 'મહારાજ તમને કેમ તેડી જતા નથી ?'

'મને પણ એ જ વિચાર આવે છે કે મારે શું કસર છે ?' ભાઈસ્વામીએ સરળતાથી કહ્યું.

ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજનો સર્વોપરી મહિમા ભાઈસ્વામીને સમજાવ્યો. મહારાજના જ કહેલા પ્રસંગો યાદ કરાવી સમજાવ્યું કે 'મહારાજ બધા અવતારોથી શ્રેષ્ઠ છે.'

ભાઈસ્વામી આ સાંભળી રાજી થયા અને બોલ્યા : 'આજ સુધી હું મહારાજને અવતાર જેવા સમજતો હતો. આજે તમારી વાતોથી મહારાજનું સર્વોપરી સ્વરૂપ સમજાયું.'

અત્યાર સુધી તેઓ ગુણાતીતાનંદ સ્વામીને પોતાના પત્તરમાંથી (લાકડાનું જમવાનું પાત્ર) પ્રસાદી આપતા, પણ આજે તેમણે પરાણે ગુણાતીતાનંદ સ્વામીના પત્તરમાંથી પ્રસાદી લીધી. ગુણાતીતાનંદ સ્વામી બોટાદ ગયા અને સં ૧૯૧૬ના જેઠ વદ ૬ના દિવસે ભાઈસ્વામી ધામમાં પધાર્યા. તેમણે શ્રીજીમહારાજના લીલાપ્રસંગોનો એક ગ્રંથ લખ્યો છે.

## ૧૨. બોચાસણના કાશીદાસ

કાશીદાસ સત્સંગી થયા ને તેમનો દીકરો ગુજરી ગયો. પછી એક સારો બળદ મરી ગયો અને થોડા વખતમાં એક દૂઝણી ભેંસ પણ મરી ગઈ. આથી સગાંવહાલાં સૌ બહુ અકળાયાં. કાશીદાસને ઘણું સમજાવ્યા. પણ કાશીદાસે સત્સંગનો ત્યાગ કર્યો નહિ. મહારાજમાં એમની આસ્થા પર્વતપ્રાય હતી.

મૂળ બોચાસણના વતની કાશીદાસને બાળપણમાં વર્ણીવેશધારી મહારાજનો યોગ થયો હતો. ત્યાર પછી દ્વારિકાની યાત્રાએ જતાં તેમને

રસ્તામાં સંતો મળ્યા. પ્રગટ મહારાજનો મહિમા સંતોએ સમજાવ્યો. ગઢપુર આવી કાશીદાસે મહારાજ પાસે વર્તમાન ધરાવ્યા અને દૃઢ આશ્રિત થયા.

એક વખત મહારાજે લોયા ગામમાં સુરાખાચરને ત્યાં શાકોત્સવ કર્યો. દેશોદેશથી હરિભક્તોને તેડાવ્યા. કાશીદાસ પણ સંઘ સાથે આવી પહોંચ્યા. અહીં મહારાજ જાતે શાક બનાવે. હળદરવાળા હાથ ધોતિયે લૂછે. વળી પરસેવે રેબઝેબ. આવું મનુષ્યચરિત્ર જોઈ કાશીદાસની સાથે આવેલા મુમુક્ષુઓનાં મનમાં સંશય થયો.

સૌને જમાડી મહારાજે સભા કરી. પોતે વાત કરતાં પૂછ્યું : 'કોઈ કષ્ટ વેઠીને કાશીની જાત્રાએ જાય પણ ગંગાજીનું પાણી ડહોળું જોઈને તેમાં સ્નાન ન કરે કે પાણી ન પીએ તો તેને કેવો જાણવો ?'

કાશીદાસ મનોમન સમજી ગયા કે મહારાજે શા માટે આ વાત કરી. તેમની સાથેના મુમુક્ષુઓના સંશય દૂર થઈ ગયા. તેમને મહારાજનો દિવ્ય-ભાવે સહિત નિશ્ચય થયો.

તેમના પિતા પરોક્ષ દેવના ઉપાસક હતા, પણ તેમને કાશીદાસનો ધીરે ધીરે ગુણ આવ્યો અને તેઓ પણ સત્સંગી થયા. કાશીદાસની નિષ્ઠા અને પ્રેમને વશ થઈ મહારાજ બત્રીસ વાર બોચાસણ પધારેલા.

બોચાસણમાં કાશીદાસને ગળીનો વેપાર. ગળીના કુંડમાં જીવાત બહુ મરે. હિંસા બહુ થાય. પણ ખેતીમાં કશું પાકતું નહિ તેથી કાશીદાસ કરે પણ શું ? 'તારે ત્યાં સપ્તધાન પાકશે,' એવું વરદાન આપી મહારાજે કાશીદાસ પાસે ગળીના કુંડ ખોદાવી નંખાવ્યા અને કાશીદાસને ત્યાં ધન-ધાન્યના ઢગલા થયા.

પ્રગટ ભગવાનની પ્રાપ્તિનો કાશીદાસને અખંડ કેફ. તેમણે વિચાર કર્યો કે મારાં સગાંસંબંધીને મહારાજની ઓળખાણ કરાવું તો એમનું પણ કલ્યાણ થાય. કાશીદાસના આમંત્રણથી મહારાજ બોચાસણ પધાર્યા. સુંદર માફો[૨૩] તૈયાર કરી કાશીદાસે મહારાજને પોતાનાં સગાંવહાલાંને ત્યાં ગામોગામ ફેરવ્યા. આથી તેમનાં કુટુંબીઓ પણ સત્સંગી થયાં.

કાશીદાસ તમાકુનો વેપાર પણ કરતા. તમાકુનાં ગાડાં ભરી તેઓ ગઢડે વેચવા જતા. ગઢડામાં રહે ને મહારાજનો સમાગમ કરે. મહારાજ ઘરે જવાની

---

૨૩. આ માફો હાલમાં ગાંધીનગર ખાતે 'અક્ષરધામ' સ્મારકમાં છે.

આજ્ઞા કરે તો કહે : 'હજી તમાકુ ખપી નથી. ઉઘરાણી પણ બાકી છે.'

તમાકુના વેપારમાં એક વાર તેમને ઘણી ખોટ ગઈ. લેણદારોએ સરકારમાં ફરિયાદ કરી. ખેડાની કોર્ટમાં દાવો ચાલ્યો. નાણાં ભરપાઈ ન થાય તો છ માસની કેદ ભોગવવા કોર્ટે ચુકાદો આપ્યો.

પૈસા આપવાની સ્થિતિ રહી ન હતી. આથી ખેડાની જેલમાં કાશીદાસને જવું પડ્યું. તેમને થયું કે 'અહીં નાહ્યા-ધોયા વગર પૂજાપાઠ કેમ થશે ? જમાશે કેમ ? વળી ગઢપુરમાં સમૈયો છે તે મહારાજનાં દર્શન પણ નહિ થાય !' એવા વિચારે એમનું મન વ્યાકુળ થયું.

સવારે સિપાઈ જમવા માટે તેડવા આવ્યા. કાશીદાસે સ્નાન કરવાની ઇચ્છા બતાવી. ભગત જાણી સિપાઈઓ કાશીદાસને બેડીમાં નાખી વાત્રક નદીમાં લઈ ગયા. અહીં મહારાજને સંભારી કાશીદાસે ડૂબકી મારી, ત્યાં તો મહારાજે તેમને ગઢપુરમાં ઘેલા નદીમાં મૂકી દીધા. તેમણે પાણી ઉપર આવીને જોયું તો હાથ-પગમાં બેડી મળે નહિ ! અને આજુબાજુ જોયું તો ખેડાને બદલે ગઢપુર ! તેઓ દોડતાં મહારાજ પાસે પહોંચી ગયા.

આ બાજુ સિપાઈઓએ ખૂબ વાટ જોઈ પણ કાશીદાસ પાણીમાંથી બહાર આવ્યા નહિ. કાશીદાસને બૂડી ગયેલા જાણી તેઓ પાછા ફર્યા. મહારાજે છ માસ સુધી કાશીદાસને ગઢપુરમાં રોક્યા. પછી આશીર્વાદ આપી કાશીદાસને ઘરે પાછા મોકલ્યા.

આ ચમત્કારની વાત સાંભળી લેણદારોને પણ ઘણું આશ્ચર્ય થયું. કાશીદાસને ખરા ભગત જાણી સૌએ પોતાનું લેણું માંડી વાળ્યું.

એક વાર કાશીદાસની હવેલી બળી ત્યારે પણ મહારાજે તેમની રક્ષા કરી. મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા ને પોતાના હાથ ઘસવા લાગ્યા. થોડી વારમાં મહારાજના હાથમાં ફોલ્લા પડી ગયા. બધાએ પૂછ્યું કે 'આ શું ?'

ત્યારે મહારાજ કહે : 'કાશીદાસ મોટાનું ઘર સળગ્યું હતું તે અમે ઓલવવા ગયા હતા.'

ત્યાર પછી મહારાજે વરતાલમાં મંદિર કરવાનો આરંભ કર્યો, અને સંતોને વડોદરા અમીચંદ શેઠને ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ લેવા મોકલ્યા. આ મૂર્તિ લઈને સંતો આવતા હતા ત્યારે ભાળજ પાસે પુષ્કળ વરસાદ પડ્યો અને ગાડું ખૂત્યું. પછી બોચાસણથી માણસો બોલાવ્યા અને ગાડું કાઢી



મૂર્તિઓ બોચાસણ કાશીદાસને ત્યાં મૂકી.

વરતાલમાં પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજ મૂર્તિ લેવા સ્વયં બોચાસણ પધાર્યા. નાનીબાએ મહારાજને કંસાર કરી જમાડ્યા અને આ મૂર્તિઓ બોચાસણમાં જ મંદિર કરી પધરાવવા વિનંતી કરી. ત્યારે મહારાજે કાશીદાસનો હાથ પકડીને કોલ આપ્યો કે 'અહીં તો અમે અમારા અક્ષરધામ સહિત બિરાજશું.'

ત્યાર પછી અનેક પ્રસંગોએ મહારાજે કાશીદાસને આશીર્વાદ આપેલા કે 'અમો બોચાસણમાં સર્વોપરી મંદિર કરશું.'[૨૪]

સંવત ૧૯૧૮માં કાશીદાસ મોટા અક્ષરનિવાસી થયા. તેમના કારજમાં ધર્મધુરંધર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને તેમના દીકરા દેસાઈભાઈએ તેડાવ્યા હતા અને સત્તર દિવસ સૌને રોક્યા હતા.

---

૨૪. શ્રીજીમહારાજના આશીર્વાદ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં સર્વોપરી મંદિર કરી, શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીને પધરાવ્યા. કાશીદાસ મોટાના નિશ્ચયની દૃઢતાને શ્રીજીમહારાજે ગ.મ. ૫૯ના વચનામૃતમાં વખાણી છે.

## ૧૩. પ્રાર્થના

વંદન કરીએ પ્રભુ ભાવ ધરી,
સ્વામી ગુણાતીત શ્રી સહજાનંદજી - વંદન૦
આપ પ્રભુ છો ધામના ધામી,
બળવંતા બહુનામી હરિ, પ્રભુ (૨) - વંદન૦
જીવ અનંતના મોક્ષને અર્થે,
અનાદિ અક્ષર સાથ લઈ, પ્રભુ (૨) - વંદન૦
પુરુષોત્તમ નારાયણ પોતે,
પ્રગટ્યા માનવ દેહ ધરી, પ્રભુ (૨) - વંદન૦
સ્વામી ગુણાતીત અનાદિ અક્ષર,
પુરુષોત્તમ સહજાનંદજી, પ્રભુ (૨) - વંદન૦
યજ્ઞપુરુષમાં અખંડ રહીને,
જ્ઞાનજીવનમાં અખંડ રહીને,
પ્રમુખસ્વામીમાં અખંડ રહીને,
ઉપાસના શુદ્ધ પ્રગટ કરી, પ્રભુ (૨) - વંદન૦
ભક્તિ એ જ અમારું જીવન,
સેવા એ જ અમારું જીવન,
દેજો રોમે રોમ ભરી, પ્રભુ (૨) - વંદન૦
હે ભક્તવત્સલ કરુણાસાગર,
વિનંતી કરું કર જોડી હરિ, પ્રભુ (૨) - વંદન૦
હેતુ રહિત ભક્તિ તવ ચરણે,
દેજો તન મન ધનથી હરિ, પ્રભુ (૨) - વંદન૦

## ૧૪. ભુજનાં લાધીબાઈ

ભુજનાં લાધીબાઈ રામાનંદ સ્વામીનાં શિષ્ય. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા બાદ શ્રીજીમહારાજ ભુજ પધાર્યા ત્યારે મહારાજે લાધીબાઈને બોલાવવા એક હરિભક્તને મોકલ્યા. આ હરિભક્તે લાધીબાઈને કહ્યું : ‘સહજાનંદ સ્વામી પધાર્યા છે અને આપને દર્શન કરવા બોલાવે છે.’

ત્યારે લાધીબાઈએ કહ્યું : 'સ્વામી તો એક રામાનંદ જ. માટે મારે દર્શને નથી આવવું.'

પછી મહારાજે કહેવરાવ્યું કે 'તમો રામાનંદ સ્વામીનાં શિષ્ય છો અને અમો પણ રામાનંદ સ્વામીના શિષ્ય છીએ. એટલે આપણે ગુરુભાઈ છીએ. માટે મળવા આવો.'

પછી લાધીબાઈ આવ્યાં અને મહારાજનાં દર્શન કર્યાં. દર્શન કરી પાછાં ઘેર જતાં રસ્તામાં રઘુનાથજીનું મંદિર આવ્યું. અહીં દર્શન કરવા તેઓ ગયાં. અહીં તેમને રઘુનાથજીની મૂર્તિમાં મહારાજ દેખાયા. આ દિવ્ય દર્શનથી તેમને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો.

મહારાજ પણ રામાનંદ સ્વામીના શિષ્ય તેથી લાધીબાઈ મહારાજને ભાઈ કહી બોલાવતાં. એક વાર લાધીબાઈએ મહારાજને જમવાનું આમંત્રણ આપ્યું. મહારાજ કહે : 'અમે તો રોટલો ને મરચાંનો ગોળો જમીએ છીએ.'

લાધીબાઈએ મહારાજને જમાડવા સારુ પાટલા ને બાજઠ ઢાળ્યા. રોટલો ને મરચાંનો ગોળો મહારાજને ધર્યો. પછી થોડી વારે શીરા, પૂરીનો થાળ લાવ્યાં અને રોટલો ને મરચું લઈ લીધાં. મહારાજ પ્રેમથી શીરો, પૂરી આરોગવા લાગ્યા. લાધીબાઈ મહારાજ સામું હાથ જોડી બેઠાં. મહારાજે તેમની સામું દૃષ્ટિ માંડી અને લાધીબાઈને સમાધિ થઈ :

અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજ બિરાજ્યા છે. અનંત મુક્તો મહારાજની આસપાસ સેવામાં ઊભા છે. રામાનંદ સ્વામી પણ મહારાજની સેવામાં છે. આ જોઈ લાધીબાઈને આશ્ચર્ય થયું. ત્યાં રામાનંદ સ્વામીએ તેને ઠપકો આપ્યો કે 'મહારાજને તોછડે વચને તું કેમ બોલાવે છે ? તારે ઘેર થાળ જમે છે તે જ આ સિંહાસન ઉપર બિરાજમાન છે. એ જ પુરુષોત્તમ નારાયણ છે અને સર્વ અવતારના કારણ છે. ગંગારામ મલ્લ અને સુંદરજી સુતારને પણ આ વાત કરજે.'

મહારાજની દૃષ્ટિ થતાં લાધીબાઈ સમાધિમાંથી જાગ્રત થયાં. પૂરેપૂરાં ભાનમાં આવે તે પહેલાં તો મહારાજ કહે : 'શીરો લાવો.' લાધીબાઈએ હોંશે હોંશે મહારાજને શીરો પીરસ્યો. પછી સર્વે હરિભક્તને પોતાને થયેલી સમાધિની વાત કરી અને મહારાજનો દૃઢ નિશ્ચય સૌને કરાવ્યો.

લાધીબાઈને એવો નિર્ણય કે મહારાજ જે કહે તે કરવું. મહારાજે તેમની

દૃઢતા જોવા આજ્ઞા કરી કે ‘તમે સાડલો ને ચૂડલો પહેરી, કપાળમાં ચાંદલો કરી, સેંથો પાડીને, ભડને નાકેથી પાણીનું બેડું ભરીને અહીં લાવો.’

વિધવા હોવા છતાં લાધીબાઈ તો સુવાસિની જેવો વેશ કાઢી, માથે બેડું લઈ, તાળી વગાડી કીર્તન ગાતાં ગાતાં નીકળ્યાં. આ જોઈ કોઈકે પૂછ્યું : ‘લાધી ! કોનું ઘર માંડ્યું ?’

‘પુરુષોત્તમ નારાયણનું !’ લાધીબાઈએ કેફમાં જવાબ દીધો.

તેઓ ભરબજારે થઈ મહારાજ પાસે આવ્યાં. આ જોઈ મહારાજ બહુ રાજી થયા અને લાધીબાઈને આશીર્વાદ આપ્યા.

હુતાશનીનો સમૈયો કરવા લાધીબાઈ ગઢડે આવ્યાં. તે વખતે ઉદેપુરનાં ઝમકુબાઈ ભગવાન ભજવા આવ્યાં હતાં. તેમને મહારાજે ધોળાં લૂગડાં પહેરાવી ‘માતાજી’ નામ પાડ્યું હતું. આ માતાજીને મહારાજે ભુજ મોકલ્યાં અને લાધીબાઈને તેમની ભલામણ કરી. લાધીબાઈ ને માતાજી બંને સાથે ભજન-ભક્તિ કરે.

લાધીબાઈએ ધામમાં જવાનો સંકલ્પ કર્યો. માતાજી પણ સાથે જવા તૈયાર થયાં. લાધીબાઈ કહે : ‘પહેલાં તમે ધામમાં જાઓ પછી હું આવું છું.’

બન્યું પણ એવું જ. મહારાજને સંભારીને પહેલાં માતાજી ધામમાં ગયાં અને તેમની પાછળ લાધીબાઈએ પણ સૌની હાજરીમાં પોતાનો દેહ છોડ્યો.

## ૧૫. દૂબળી ભટ્ટ

‘આવો ભટ્ટજી,’ કહી મહારાજે દૂબળી ભટ્ટને આવકાર આપ્યો.

સભા ચકિત થઈ ગઈ. મોટા પાઘડા ને ભરાવદાર મૂછો. ડિલમાં પહાડી એવા દરબારોની સભા ભરાઈને બેઠી હતી. ગઢપુર મંદિર માટે લખણી થતી હતી. સૌ પોતાની પહોંચ પ્રમાણે સેવા નોંધાવતું. ત્યાં ભટ્ટજીએ સભામાં પ્રવેશ કર્યો. મહારાજે આવકાર દીધો એટલે સભાજનોએ મારગ દીધો.

વૃદ્ધાવસ્થા અને કૃશકાય. ફાટેલ કપડાં ને માથે જર્જરિત પાઘડી. ધ્રૂજતાં ધ્રૂજતાં ભટ્ટજી મહારાજ પાસે આવ્યા અને પગમાં પડ્યા. મહારાજે હાથ પકડી ભટ્ટજીને ઊભા કર્યા. કંઈક હરખાતાં, કંઈક ખચકાતાં ભટ્ટજીએ માથેથી પાઘડી ઉતારી. ચીંથરેહાલ પાઘડીના છેડે બાંધેલી ગાંઠ છોડી. એક દોકડો મહારાજના ચરણમાં મૂક્યો. એમ તેર ગાંઠ ભટ્ટજીએ છોડી અને મહારાજના



ચરણમાં તેર દોકડા મૂક્યા.

'પ્રભુ ! આ ગોપીનાથજીની સેવામાં... !' ભટ્ટજીએ ગદ્ગદ કંઠે વિનંતી કરી.

ભગતનો ભાવ જોઈ મહારાજ અતિ પ્રસન્ન થયા અને જોસથી સભામાં પડકાર ફેંક્યો : 'ગોપીનાથ મહારાજની જય !'

દરબારોએ હોંશે હોંશે જય તો ઝીલી લીધી, પણ પછી એકબીજાની સામું જોવા લાગ્યા. દરેકના મનમાં આશ્ચર્ય થયું. સુરાખાચરથી રહેવાયું નહિ. તેમણે મહારાજને પૂછી નાખ્યું : 'ભણે મહારાજ ! જય શાની ?'

'અમારું ગઢડાનું મંદિર પૂરું થયું.'

'પણ ભટ્ટજીએ એવું તે શું આપ્યું ?'

'આ તેર દોકડા !' મહારાજે ઊંચો હાથ કરી સૌને બતાવ્યા.

'પણ એમાં તે મંદિર થતાં હશે ?'

'આ તમારે તો માણકિયું પૂંછડાં ઝાટકે છે. ઘર-બાર સાચવીને કોઈ કે હજાર તો કોઈ કે બે હજાર આપ્યા છે. પણ આ ભગતને તો ગામમાં ઘર નથી ને સીમમાં ખેતર નથી. યજમાનવૃત્તિ કરી પેટ ભરે છે. આ કંઈ થોડી-ઘણી મૂડી ભેગી થઈ હતી તે અમારાં ચરણોમાં ધરી દીધી. ભક્તોનો આવો ભાવ છે તો અમારું મંદિર પૂરું જ થયું છે.' મહારાજે ખુલાસો કર્યો.

આ દૂબળી ભટ્ટ મૂળ ચાંદગઢના, પણ મોટા ગોરખવાળામાં યજમાન-

વૃત્તિ કરતા. એમનું ખરું નામ તો રણછોડજી મહારાજ હતું. પણ શરીર દુર્બળ ને વ્યવહાર દુર્બળ એટલે સૌ એમને દૂબળી ભટ્ટ કહેતા. મહારાજનો એમને અનન્ય આશ્રય હતો.

એક વાર તેઓ પોતાના વેવાઈને ગામ ગયા હતા. સવારે નાહી-ધોઈ નિયમ મુજબ મહારાજની મૂર્તિ મૂકી માનસી પૂજા કરવા બેઠા. વેવાઈ કુસંગી હતા. તેમણે મશ્કરીમાં મૂર્તિ લઈ લીધી ને તે જગ્યાએ જોડો મૂક્યો. ભટ્ટજી માનસીમાંથી જાગૃત થયા તો મૂર્તિના સ્થાને જોડો દીઠો. તેઓ બોલી ઊઠ્યા : 'આ કોની આંખ ફૂટી છે તે મૂર્તિની જગ્યાએ જોડો મૂક્યો.' અને તરત તેમના વેવાઈની બંને આંખો બહાર આવી ગઈ. વેવાઈ અંધ થયા. તેમની ભક્તિની સત્યતાનો સૌને ખ્યાલ આવ્યો.

શ્રીજીમહારાજે એક વાર રાજી થઈને તેમને પોતાનો સોનાનો વેઢ ને કડું પ્રસાદીરૂપે આપેલાં.[૨૫]

## ૧૬. વ્રત અને ઉત્સવ

સુખ-દુઃખનાં દ્વન્દ્વોથી ચાલતા જીવનમાં ઐહિક તેમજ પારલૌકિક આનંદપ્રાપ્તિ માટે ભારતના પ્રાચીન આર્ષદૃષ્ટાઓએ વ્રતોત્સવના નિર્ણય કરેલા છે. उत्सवप्रियाः खलु मानवाः । મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે. વ્રત, પર્વ અને ઉત્સવનાં સ્વરૂપ જો કે જુદાં જુદાં છે, પરંતુ તેમાં એકબીજા વચ્ચે ઘણું સરખાપણું આવી જાય છે.

શ્રીજીમહારાજે ભારતની આ ઉત્સવ-પરંપરાને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે. પોતે આ ઉત્સવો ધામધૂમથી ઊજવ્યા છે અને પોતાના સંબંધથી આ વ્રત, પર્વ ને ઉત્સવને દિવ્ય બનાવ્યાં છે. લોકમાં વ્રતાદિકનું સ્વરૂપ વિકૃત થઈ ગયું હતું. ઉત્સવો એટલે મેળા. ઝાઝા મનુષ્યો ભેગા થાય, મોજમજા કરીને છૂટા પડે. હોળીમાં તો ઘણો દુરાચાર થતો, મર્યાદાઓ પણ લોપાતી. વ્રતો પણ અંધશ્રદ્ધાથી થતાં.

શ્રીજીમહારાજે આ વ્રતોત્સવોનું રૂપાંતર કર્યું. તેનું 'સમૈયા' એવું નામ રાખ્યું. તેથી જ સમૈયામાં દેવદર્શન, પ્રત્યક્ષમૂર્તિ એવાં પોતાના અને પોતાના ભક્તોનાં દર્શન, સ્પર્શ અને કથાવાર્તાનું પ્રાધાન્ય રાખ્યું અને વ્રતોત્સવોને

---

૨૫. આજે પણ તેમના વંશજો પાસે આ પ્રસાદી મોજૂદ છે.

નિર્ગુણ કર્યા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેથી જ ભક્તચિંતામણિ(પ્ર. ૭૭)માં લખ્યું છે :

*'જેમ અન્ય લોક થાય ભેળા, તેમ સમજશો મા એહ લીલા.'*

એમ સામાન્યપણે લોકો ભેગા થાય છે અને વિખરાઈ જાય છે તેવું આ સમૈયાઓમાં નથી પરંતુ આ સમૈયામાં :

*'પણ જાણે અજાણ્યે જે જન, કરશે મહાપ્રભુનાં દર્શન,*
*વળી સૂણશે આ લીલા ચરિત્ર, તે નર થાશે નિશ્ચળ પવિત્ર.'*

મહારાજે મોટા મોટા યજ્ઞો કર્યા. તેમાં લાખો બ્રાહ્મણોને જમાડતા. વળી શ્રીહરિ જયંતી, જન્માષ્ટમી આદિક વ્રતોમાં હજારો સત્સંગીઓના સમૂહને તેડાવતા. આ સમૈયા પાછળનો ઉદ્દેશ મહારાજે વચનામૃતમાં જણાવ્યો છે : 'અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.' (વચ. ગ.પ્ર. ૩)

પોતાની મૂર્તિની સ્મૃતિ માટે મહારાજે સમૈયા બાંધ્યા છે. સમૈયામાં કથાવાર્તાથી સમજણની દૃઢતા થાય. 'જેમ-તેમ, જેવું-તેવું, જ્યારે-ત્યારે' ચલાવી લેવાનો પાઠ સમૈયામાં મળે. હરિભક્તોનાં અરસપરસ દર્શનથી એકબીજાનું હૈયું હરખાય. ભગવાન અને ભક્તોના જન્મોત્સવમાં તેમનાં લીલાચરિત્રોનું ગાન અને સ્મૃતિ કરવાથી ચિત્ત નિર્મળ થાય.

●

હવે આપણે વ્રત, પર્વ અને ઉત્સવના જુદા જુદા હેતુઓ જોઈએ.

### વ્રત

વ્રતમાં સત્ત્વગુણ મુખ્ય હોય છે. બીજા બે ગુણ ગૌણપણે હોય છે. વ્રત આધ્યાત્મિક શક્તિની પ્રાપ્તિ માટે કરાય છે. વ્રતથી આત્માની શુદ્ધિ થાય છે. શાસ્ત્રવિધિ પ્રમાણે વ્રત કરનારને આ લોકમાં સુખ પ્રાપ્ત થાય છે. અને મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. પરંતુ નિષ્કામભાવથી ભગવાનની પ્રસન્નતા માટે જે વ્રત થાય છે તેનાથી તો મોક્ષ કહેતાં ભગવાનનાં ચરણારવિંદની પ્રાપ્તિ થાય છે.

વ્રત એટલે ઉપવાસ એમ સામાન્ય અર્થ થાય છે. ઉપવાસથી શરીરના રોગો તો નાશ પામી જ જાય છે અને સાથે સાથે આત્માની શક્તિ-બળ પણ વધે છે. ઘણા પ્રકારનાં વ્રતોનું વિધાન શાસ્ત્રોમાં છે. શ્રીહરિ જયંતી, એકાદશી આદિક નિત્યવ્રતો છે. પાપના ક્ષય માટે ચાંદ્રાયણાદિક વ્રતો છે, અને વટસાવિત્રી વગેરે કામ્યવ્રતો છે. અધિક માસ વગેરે પણ વ્રતો છે.

## પર્વ

પર્વમાં રજોગુણ પ્રધાન હોય છે, બીજા બે ગુણ ગૌણપણે હોય છે. પર્વ મંદિરોમાં થાય છે. વળી, પર્વ નિશ્ચિત સમયે જ આવે છે. ભગવાન અને એકાંતિક સંત-ભક્તોના જન્મોત્સવ પર્વ કહેવાય છે. ગ્રહણ, સંક્રાંત, તીર્થસ્નાન, કુંભ મેળો વગેરે પણ પર્વ છે. વ્રત મનુષ્ય એકલો પણ કરી શકે, જ્યારે પર્વમાં મોટા ભાગે ઘણાં મનુષ્ય ભેગાં થાય છે. એકબીજાનો પરિચય પામી સમૂહમાં આનંદ મેળવે છે.

## ઉત્સવ

ઉત્સવ એ સામાન્ય શબ્દ છે. તેનો પ્રયોગ વ્રત અને પર્વ માટે થાય છે. આ લોક-તહેવારો છે, જેને મેળો પણ કહેવામાં આવે છે. હોળી, દશેરા વગેરે લૌકિક ઉત્સવો છે. તેમાં તમોગુણ પ્રધાન હોય છે. એમાં લાખો મનુષ્યો ભેગા થાય છે. ગુજરાતમાં નવરાત્રી, બંગાળમાં દૂર્ગાપૂજા, મહારાષ્ટ્રમાં ગણેશ ચતુર્થી વગેરે લૌકિક તહેવારો છે.

ઉપરોક્ત વ્રતાદિકનો નિશ્ચિત કાળ હોય છે અને તે દરેકની સાથે વિશિષ્ટ કથા સંકળાયેલી હોય છે. વ્રતોત્સવના નિર્ણય માટે શ્રીજીમહારાજે વૈષ્ણવાચાર્ય શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલા નિર્ણયને જ વિશેષપણે માન્ય કર્યો છે (શિક્ષાપત્રી, શ્લોક ૮૧, ૮૨). મહારાજે ઉત્સવમાં સર્વધર્મ અને સર્વદેવ પ્રત્યે સમભાવ જણાવ્યો છે (શિક્ષાપત્રી, શ્લોક ૭૯). એકાદશી, શિવરાત્રિ, રામનવમી, કૃષ્ણ જયંતી, હનુમાન જયંતી, ગણેશ ચતુર્થી, વામન જયંતી, નૃસિંહ જયંતી વગેરે ઉત્સવો મહારાજે માન્યા છે. અને સર્વ અવતારો અને દેવોનો આદર કર્યો છે. આ સર્વ અવતારો કે દેવોમાં પોતે અંતર્યામીરૂપે રહેલા છે તેથી તે સર્વને પોતાનાં સ્વરૂપો માની તે તે ઉત્સવોની યોજના મહારાજે કરેલી છે.

શ્રીહરિ જયંતી અને પ્રબોધિનીના સમૈયા માટે તો મહારાજે હંમેશ માટે

વણતેડ્યું નિમંત્રણ સર્વ સત્સંગીઓને આપેલું છે. સત્સંગિજીવનના પાંચમા પ્રકરણમાં મહારાજે સ્વમુખે ૫૫ થી ૬૧ અધ્યાય સુધી વાર્ષિક વ્રતોત્સવોનો વિધિએ સહિત નિર્ણય કહ્યો છે. દરેક ઉત્સવમાં ભગવાનને પંચામૃત સ્નાન અવશ્ય કરાવાય છે.

●

હવે આપણે વાર્ષિક વ્રતોત્સવ જોઈએ.

### ૧. અન્નકૂટોત્સવ (કાર્તિક સુદ ૧)

આ દિવસથી વિક્રમ સંવતનું નવું વર્ષ બેસે છે. બલિરાજાએ ભગવાનને સર્વ સમર્પણ કર્યું હતું તેથી ભગવાને રાજી થઈને આ દિવસે બલિનું પૂજન કરવા સૌને આજ્ઞા કરી છે. તેથી બલિપૂજા આ દિવસે થાય છે.

વ્રજમાં ગોવાળિયાઓ પહેલાં ઈન્દ્રની પૂજા કરતા હતા. શ્રીકૃષ્ણ ભગવાને તેમને કહ્યું, ‘આપણે સર્વ સમૃદ્ધિ આ ગોવર્ધન પર્વત આપે છે. માટે આપણે ઈન્દ્રને બદલે ગોવર્ધનપૂજા કરવી.’ ત્યારથી ગોવર્ધનપૂજા થાય છે. છાણનો નાનો પર્વત કરી તેની પૂજા થાય છે. આ ગોવર્ધનપૂજાએ પછી અન્નકૂટનું રૂપ લીધું છે. સવારે બધા હરિભક્તો મંદિરે આવે છે અને નવા વર્ષે ઉપાસના, આજ્ઞા દૃઢ થાય અને તને, મને, ધને સુખી થવાય તેવા આશીર્વાદ સંતો પાસેથી મેળવે છે.

દરેક મંદિરમાં ભગવાનની મૂર્તિ આગળ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ભરવામાં આવે છે. ચાતુર્માસમાં ઉત્પન્ન થયેલાં અને તે માસ દરમ્યાન ન ખવાતાં અન્ન, શાકભાજી ભગવાન જમે પછી જ ભક્તો જમે છે. સવારે ગાયોનું પૂજન કરવામાં આવે છે. સવારથી ભક્તો ઉપવાસ કરે છે. ભગવાન જમી રહે પછી જ જમી શકાય છે. પછી અન્નકૂટની પ્રસાદી ભક્તોને વહેંચાય છે.

### એકાદશી

એકાદશીની ઉત્પત્તિની કથા પુરાણોમાં છે. પહેલાં ભગવાન દસ ઈન્દ્રિયો ને અગિયારમું મન તેને અંતર્સન્મુખ કરીને પોઢ્યા હતા. તે સમયમાં નાડીજંઘનો દીકરો મુરદાનવ યુદ્ધ કરવા આવ્યો. ત્યારે ભગવાનની એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી એક કન્યા ઉત્પન્ન થઈ. મુરદાનવે કન્યાને કહ્યું : ‘તું મારી સાથે લગ્ન કર.’

કન્યાએ કહ્યું : 'મારી સાથે યુદ્ધમાં જે જીતે તેને હું વરું, એવી મારી પ્રતિજ્ઞા છે.'

પછી બંનેનું યુદ્ધ થયું. ત્યારે કન્યાએ મુરદાનવનું માથું તલવારથી કાપી નાખ્યું. ભગવાન કન્યા ઉપર પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. કન્યાએ વર માગ્યો કે 'મારા વ્રતના દિવસે કોઈ અન્ન ન ખાય. આપના તેજમાંથી હું ઉત્પન્ન થઈ છું તેથી હું તપસ્વિની છું, માટે મારા વ્રતને દિવસે મન સહિત જે અગિયાર ઈન્દ્રિયો તેનો જે આહાર તે કોઈ કરે નહિ.'

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે દરેક ઈન્દ્રિયના આહાર એકાદશીના દિવસે છોડી દેવા. ભગવાનના ભક્તે આવું વ્રત તો નિત્ય કરવું પણ ઢોરલાંઘણ કરવી નહિ. આખો દિવસ ભગવાનનાં કથા-કીર્તનાદિક કરવાં અને સાંભળવાં. રાત્રે જાગરણ કરવું અને કીર્તન-ઉત્સવ કરવો. વળી મહારાજે કહ્યું : 'દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન એ સર્વ જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછાં ખેંચીને બ્રહ્મઅગ્નિમાં હોમવાં.' બ્રહ્મઅગ્નિ એટલે બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ. આમ કરવાથી પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેમાં પરબ્રહ્મ પ્રગટ થઈ આવે છે. (વચ. ગ.મ. ૮)

શિક્ષાપત્રીમાં મહારાજે એકાદશી વ્રતનું ઉદ્યાપન કરવા કહ્યું છે. તે મનવાંછિત ફળને આપે છે. ઉદ્યાપન એટલે મહાપૂજા કરાવવી તથા પારણાંને દિવસે સાધુ જમાડવા ને દાન કરવું.

મહિનામાં બે એકાદશી આવે છે. તે દિવસે દરેકે નકોરડો ઉપવાસ કરવાનો હોય છે. જે સમર્થ ન હોય તે ફળાહાર કરે. શ્રીહરિ જયંતી (રામનવમી), જન્માષ્ટમી, દેવપોઢી (અષાઢ સુદ) એકાદશી, પ્રબોધિની એકાદશી, જળઝીલણી એકાદશી – આ પાંચ વ્રતમાં નિર્જળા ઉપવાસ કરવા શાસ્ત્રીજી મહારાજે સૌ હરિભક્તોને ખાસ આજ્ઞા કરી છે. ૮૦ વર્ષની ઉંમર સુધી યથાવિધિ વ્રત કરવાની શાસ્ત્રની આજ્ઞા છે. દરેક એકાદશીની કથા છે અને તેનાં જુદાં જુદાં નામ પણ છે.

### ૨. પ્રબોધિની એકાદશી (કાર્તિક સુદ ૧૧)

અષાઢ સુદ એકાદશીથી ચાતુર્માસ દરમ્યાન શ્રી વિષ્ણુ ભગવાન ક્ષીર-સાગરમાં પોઢે છે. તે આ દિવસે જાગ્રત થાય છે. એવી કથા છે કે ભગવાને શંખાસુરનો અષાઢ માસમાં વધ કર્યો હતો અને તેનો થાક ઉતારવા

ક્ષીરસાગરમાં પોઢ્યા હતા. આ નિદ્રામાંથી ભગવાન જાગે છે તેથી ભક્તો આનંદોત્સવ કરે છે. આ દિવસે તુલસીવિવાહનો આરંભ થાય છે. આ દિવસે ચાતુર્માસ પૂરો થાય છે. ચાતુર્માસમાં આરંભેલા વ્રતનો અવધિ આવે છે.

સંપ્રદાયમાં આ દિવસ ખૂબ મહત્ત્વનો છે. સંવત ૧૮૫૭માં આ દિવસે મહારાજે પીપલાણામાં મહાદીક્ષા લીધી હતી અને 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણ મુનિ' નામ ધારણ કર્યાં હતાં. પીપલાણામાં આ દિવસે અન્નકૂટ થાય છે. વળી જેતપુરમાં રામાનંદ સ્વામીએ મહારાજને આ દિવસે ધર્મધુરા સોંપી હતી. મહારાજના પિતા ધર્મદેવનો જન્મ સં. ૧૭૯૬માં આ જ દિવસે ઈટાર ગામમાં થયો હતો. આ દિવસે ઠાકોરજીને મુગટ તથા રાતા શણગાર ધરાવાય છે. રાજભોગમાં ઘેબર ધરાવાય છે. આ દિવસે ધર્મદેવની પૂજા કરવામાં આવે છે. આ દિવસે તમામ સંત-હરિભક્તોએ નિર્જળા ઉપવાસ કરવાનો હોય છે. સર્વત્ર આ સમૈયો ધામધૂમથી થાય છે.

ભગવાન જાગ્યા તેથી દેવોને આનંદ થયો. તેથી આ દિવસને દેવદિવાળી પણ કહેવાય છે. આ દિવસે ભગવાન સમક્ષ વિવિધ પ્રકારનાં શાકભાજીની હાટડી ગોઠવવામાં આવે છે.

### ૩. કાર્તિકી પૂર્ણિમા

સંવત ૧૭૯૮માં છપૈયામાં ભક્તિમાતાનો જન્મ આ દિવસે થયો હતો. તેથી રાત્રે ચંદ્રોદય સમયે ભક્તિદેવીનું પૂજન કરાય છે. તુલસીનો આજે જન્મ દિવસ છે અને તુલસીવિવાહની આજે સમાપ્તિ થાય છે. આ દિવસથી ભગવાનને ગરમ પોસની ડગલી ધરાવવામાં આવે છે. ભગવાનના થાળમાં વંતાકનું શાક ખાસ ધરાવાય છે. બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો થાય છે.

રાત્રિએ મંદિરને ફરતી દીવાઓની પંક્તિઓ ગોઠવાય છે. ભગવાનની આગળ ઘીના દીવા કરાય છે. એવી કથા છે કે પૂર્વે બ્રહ્માજી થકી વરદાન પામીને ત્રિપુરાસુર બધાને ખૂબ રંજાડતો હતો. શિવજીએ આ દિવસે તેનો નાશ કર્યો તેથી દેવોએ આનંદમાં આવી દીવાઓની દીપમાળા કરી.

આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનો ખૂબ મહિમા છે. ગંગા નદીની ઉત્પત્તિ આ દિવસે થઈ હતી. તેથી ગંગામાં દીવાઓ તરતા મૂકવામાં આવે છે. આ દિવસે ચંદ્ર સૂર્યની નીચે છે તેથી સૂર્યનાં પ્રખર કિરણો ચંદ્ર

ઉપર પડે છે. તેથી તે સમયમાં પિતૃઓનું શ્રાદ્ધ કરવાનો મહિમા છે. દર પૂર્ણિમાએ ભગવાનને સુંદર મુગટ ધરાવાય છે.

### ૪. પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી (માગશર સુદ ૮)

સંવત ૧૯૭૮માં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું પ્રાગટ્ય થયું હતું. આ દિવસે ભવ્ય સમૈયો જુદે જુદે સ્થળે ઊજવાય છે. ગીતામાં ભગવાને માગશર માસને પોતાનું સ્વરૂપ કહ્યું છે : मासानां मार्गशीर्षोऽहम् ।

### ૫. ધનુર્માસ

આ પવિત્ર માગશર માસમાં ધન રાશિ પ્રવેશ કરે છે. તેથી આ માસને 'ધનુર્માસ' કહે છે. સૂર્ય વર્ષમાં બાર રાશિઓ ઉપર વારાફરતી આવે છે, તેથી તે તે રાશિના નામની સંક્રાંત કહેવાય છે. આ દિવસથી આરંભીને એક માસ પર્યંત સવારના પહોરમાં જ્યારે સૂર્ય ધનુષ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે જ ભગવાનની મંગળા આરતી કરી, પછી ઊના જળથી સ્નાન કરાવી, વસ્ત્રો પહેરાવી, પાસે સગડી મૂકી, શણગાર આરતી કરી, તરત જ ભગવાનને રાજભોગ ધરાવવામાં આવે છે. રાજભોગમાં તલચૂરમાના લાડુ, માખણ, રોટલો, વંતાકનું ભરથું (રીંગણાંનો ઓળો), મૂળા વગેરે ધરાવાય છે.

શ્રીકૃષ્ણ ભગવાન સાંદીપનિ ઋષિના આશ્રમમાં ધનુર્વિદ્યા ભણવા ગયા હતા. તેથી આ મહિનામાં ભગવાનની આગળ પુસ્તકો વગેરે ભણવાનાં સાધનો મુકાય છે.

### ૬. મકરસંક્રાંતિ (૧૪મી જાન્યુઆરી)

સૂર્ય મકર રાશિમાં આવે છે ત્યારે પોષ માસમાં જાન્યુઆરીની ૧૪મી તારીખે મકરસંક્રાંતિ થાય છે. સવારે વહેલા ઊઠી નદી-સરોવરમાં સ્નાન કરાય છે. આ દિવસે ઠાકોરજીને તલના લાડુ ધરાવાય છે. આ પર્વમાં દાન-પુણ્યનો ખૂબ મહિમા છે. તેથી સંતો ઝોળી માગવા નીકળે છે.

### ૭. પોષ સુદ પૂનમ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સં. ૧૮૬૬માં ડભાણમાં મહાન યજ્ઞ કરીને મહારાજે ભાગવતી દીક્ષા આપી હતી. ડભાણમાં આ સમૈયો થાય છે.

### ૮. વસંતપંચમી (મહા સુદ ૫)

ભગવાને કહ્યું છે : ऋतुनां कुसुमाकरः । ઋતુઓમાં વસંત એ

ભગવાનની વિભૂતિ છે. આ દિવસે સં. ૧૮૮૨માં મહારાજે શિક્ષાપત્રી લખી. સં. ૧૮૨૮માં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનો રાજસ્થાનમાં ખાણ ગામે જન્મ થયો. સં. ૧૮૨૨માં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનો જામનગર પાસે શેખપાટ ગામે જન્મ થયો અને સં. ૧૯૨૧માં અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીનો જન્મ પણ આ જ દિવસે મહેળાવ ગામે થયો હતો. અટલાદરામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો ઊજવાય છે. શાસ્ત્રીજી મહારાજના ગુણગાન ગવાય છે.

એવી કથા છે કે આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના સર્વ સખાઓ અને પટરાણી સાથે ગિરનાર પર્વત ઉપર અબીલ-ગુલાલ રંગ વડે ખૂબ રમ્યા હતા. આખો પર્વત લાલ થઈ ગયો હતો.

આ દિવસથી ફાગણ સુદ ૧૫ સુધી ભગવાનને શ્વેત વસ્ત્રો ધરાવાય છે તેમજ ઠાકોરજીનાં વસ્ત્રોમાં ગુલાલ છંટાય છે. ઘઉં કે ડાંગરનો ગિરનાર કરાય છે. આંબાના મોરનો તોરો ધરાવાય છે. જલેબી વગેરે પકવાન ધરાવાય છે.

ફાગણ સુદ ૧૫ પછી ભગવાનને કેસરિયાં વસ્ત્ર ધરાવાય છે. મહારાજે જ્યાં જ્યાં વસંતોત્સવ કર્યો હોય તે દિવ્ય લીલાઓ સંભારી, હરિભક્તો ભગવાન આગળ અરસપરસ રંગક્રીડા કરે છે. સાધુ-બ્રહ્મચારીઓને આ ક્રીડાનો નિષેધ છે. સધવા સ્ત્રીઓ અરસપરસ રંગક્રીડા કરે છે. ખજૂર, ખારેક, નારિયેળ, સાકર, શેકેલા ચણા, ધાણી, પેંડા, દ્રાક્ષ વગેરે નૈવેદ્યમાં ભગવાનને અર્પણ કરાય છે.

### ૯. મહાશિવરાત્રી (મહા વદ ૧૩)

આ દિવસે રાત્રિને વિષે શિવજી એક પારધી ઉપર પ્રસન્ન થયા હતા. તે પુરાણની કથા છે. મધ્યરાત્રે શિવજીનું બિલિપત્રો તથા કરેણનાં પુષ્પો વડે પૂજન કરાય છે. ભગવાનને નૈવેદ્યમાં ખીર તથા વડાં ધરાવાય છે. આ વ્રતને દિવસે ફળાહાર કરાય છે. ભગવાનને રંગબેરંગી વસ્ત્રો ધારણ કરાવાય છે.

### ૧૦. પુષ્પદોલોત્સવ (ફાગણ વદ ૧)

શ્રીકૃષ્ણ ભગવાને ગિરનાર પર્વત ઉપર યાદવો સાથે ક્રીડા કરી હતી. યાદવોએ આનંદમાં આવીને અર્જુન સહિત શ્રીકૃષ્ણને પુષ્પથી ગૂંથેલા હિંડોળામાં પધરાવી પૂજન કર્યું હતું. આ જ દિવસે શ્રીકૃષ્ણ-અર્જુનનો નર-નારાયણરૂપે ધર્મપ્રજાપતિ થકી પ્રાદુર્ભાવ થયો છે. આ દિવસ ‘નરનારાયણ

જયંતી' તરીકે ઓળખાય છે. આ દિવસે દેવોએ ધર્મના આશ્રમમાં શ્રી નરનારાયણને હિંડોળામાં પધરાવી હિંડોળ્યા છે. આ બે હેતુથી દોલોત્સવ થાય છે. ભગવાનના નૈવેદ્યમાં દૂધપાક તથા બોર ધરાવાય છે. ભગવાનને ફગવા-ધાણી, ખજૂર, સાકર, પતાસાં, ચણા વગેરે ધરાવાય છે.

મહારાજે સારંગપુરમાં હરિભક્તોને જે દિવ્ય ફગવા આપ્યા હતા તેનું સ્મરણ કરી, પ્રગટ સત્પુરુષ પાસે તે પ્રકારના ફગવા માટે પ્રાર્થના કરવી. (ભક્તચિંતામણિ : પ્રકરણ-૬૪)

હોળીનો તહેવાર ફાગણ સુદ પૂર્ણિમા એટલે કે પુષ્પદોલોત્સવના આગલા દિવસે ઉજવાય છે. હિરણ્યકશિપુના કહેવાથી હોળિકા પ્રહ્‌લાદને ખોળામાં લઈ બેઠી અને પછી અગ્નિ સળગાવ્યો. તેમાં હોળિકા બળી ગઈ અને પ્રહ્‌લાદની ભગવાને રક્ષા કરી.

આ દિવસે બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત(ભગતજી મહારાજ)નો જન્મ સં. ૧૮૮૫માં સૌરાષ્ટ્રમાં મહુવા ગામે થયો હતો. સારંગપુરમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો ઊજવાય છે. ભગતજી મહારાજનાં ગુણગાન થાય છે અને પ્રગટ ગુરુહરિ સૌને દિવ્ય ફગવા સાથે આશીર્વાદ આપે છે.

## ૧૧. શ્રીહરિ જયંતી (ચૈત્ર સુદ ૯)

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છપૈયામાં સં. ૧૮૩૭માં ચૈત્ર સુદ ૯ ને રાત્રે ૧૦ વાગે ધર્મદેવ અને ભક્તિમાતા થકી પ્રગટ થયા. સંપ્રદાયમાં આ મોટામાં મોટો ઉત્સવ ગણાય છે. અમદાવાદમાં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો થાય છે. ઘનશ્યામ મહારાજને રાત્રે પારણામાં ઝુલાવવામાં આવે છે. ચૈત્ર સુદ ૧૪ સુધી પારણું રાખવામાં આવે છે. નૈવેદ્યમાં કેસરિયો બિરંજ ધરાવાય છે. આ દિવસે શ્રી રામચંદ્રજીનો પણ અયોધ્યામાં જન્મોત્સવ છે.

મહારાજનાં દિવ્ય લીલાચરિત્રનું આજે સ્મરણ કરી, સર્વ સંત-હરિભક્તોએ આ દિવસે નિર્જળા ઉપવાસ કરવાનો હોય છે.

## ૧૨. ચૈત્રી પૂર્ણિમા

બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો ઊજવાય છે. આ દિવસે ઠાકોરજીને બુંદીના લાડુ ધરાવાય છે.

## ૧૩. નૃસિંહ જયંતી (વૈશાખ સુદ ૧૪)

આ દિવસે સાંજે - સંધ્યાકાળે બાલભક્ત પ્રહ્‌લાદના દ્રોહી, તેના પિતા

હિરણ્યકશિપુના વધ માટે ભગવાનનો નૃસિંહસ્વરૂપે અવતાર થયો હતો. આ દિવસે ઠાકોરજીને નૃસિંહજીનું મહોરું પહેરાવવામાં આવે છે. આ વ્રત ફળાહાર કરીને કરાય છે. નૈવેદ્યમાં ખાજાં, વડાં વગેરે ધરાવાય છે.

### ૧૪. યોગી જયંતી (વૈશાખ વદ ૧૨)

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી સૌરાષ્ટ્રમાં અમરેલી પાસે ધારી ગામે સં. ૧૯૪૮માં પ્રગટ થયા. આ સમૈયો અક્ષર મંદિર ગોંડલમાં ઊજવાય છે. આ પુનિત દિવસે યોગીજી મહારાજનાં દિવ્ય લીલાચરિત્રો તથા ઉપદેશનું વિશેષે કરીને સ્મરણ કરવું.

### ૧૫. રથોત્સવ (અષાઢ સુદ ૨)

આ દિવસે જગન્નાથપુરીમાં ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાની કાષ્ઠની મૂર્તિઓને મોટા રથમાં બેસાડીને, લાખો મનુષ્યો રથને ખેંચે છે. આ રીતે મૂર્તિઓની રથયાત્રા કાઢવામાં આવે છે. આ ઉત્સવ બધાં વૈષ્ણવ અને સ્વામિનારાયણ મંદિરોમાં ઊજવાય છે. ઠાકોરજીની આગળ લાકડાંના અશ્વ સહિત રથ મૂકવામાં આવે છે. ઠાકોરજીની ચલ મૂર્તિને રથમાં પધરાવાય છે. મૂર્તિને સોનાનાં ધનુષ્ય-બાણ ધરાવાય છે. વળી પીળાં અને લાલ વસ્ત્રો પહેરાવાય છે. બપોરે રાજભોગ આરતી વખતે કીર્તન-ઉત્સવ કરાય છે. ભગવાનને નૈવેદ્યમાં દહીં, ભાત, સાકર અને ગોળના લાડુ ધરાવાય છે.

### ૧૬. દેવશયની એકાદશી (અષાઢ સુદ ૧૧)

આ દિવસથી ચાતુર્માસના વ્રતનો પ્રારંભ થાય છે. પુરાણોના મત પ્રમાણે શ્રીવિષ્ણુ ભગવાને શંખાસુરનો નાશ કર્યા પછી શ્રમિત થવાથી ક્ષીર-સાગરમાં ચાર માસની અખંડ નિદ્રા ગ્રહણ કરી. ભગવાન શયન કરે છે તેથી ચાર મહિના સુધી લોકો જુદા જુદા પ્રકારનાં વ્રતો કરે છે. શિક્ષાપત્રીમાં મહારાજે ચાતુર્માસને વિષે વિશેષ નિયમો ધારવા આજ્ઞા કરી છે.

**વિશેષ નિયમો :** ભગવાનની કથા સાંભળવી તથા વાંચવી, ભગવાનના ગુણનું કીર્તન કરવું, પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, ભગવાનના મંત્રનો જપ કરવો, ભગવાનના સ્તોત્રનો પાઠ કરવો, ભગવાનને પ્રદક્ષિણા કરવી તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. આ આઠ પ્રકારના નિયમોમાંથી કોઈ એક નિયમ વિશેષપણે ભક્તિએ કરીને લેવાય છે.

ચાતુર્માસ સુધી વ્રત કરવા જે અસમર્થ હોય તેણે શ્રાવણ માસને વિષે

એક મહિના સુધી વિશેષ નિયમ ધારવો. હરિભક્તોએ એક સમય જમવું. સંતો ચાતુર્માસમાં ધારણાં-પારણાં, ચાંદ્રાયણ આદિ વ્રતો કરે છે. ધારણાં-પારણાં વ્રતમાં એક દિવસ ઉપવાસ ને બીજે દિવસે જમવાનું હોય છે. ચાંદ્રાયણ વ્રતમાં ચંદ્રની કળા પ્રમાણે એકમને દિવસે અન્નનો એક ગ્રાસ જમવાનો - એમ વધતાં વધતાં પૂનમે પંદર ગ્રાસ લેવાના અને પછી ઊતરતા ક્રમમાં ગ્રાસ લેવા. આ ચાતુર્માસ દરમ્યાન અમુક વસ્તુઓ ખાવાનો નિષેધ છે. જેમ કે શેરડી, વંતાક, મૂળા, મોગરી વગેરે. ભગવાનને અન્નકૂટમાં આ બધી જ વાનગીઓ ધરાવ્યા પછી આ જમવાના નિયમો પૂરા થયા છે.

## ૧૭. અષાઢી પૂર્ણિમા

આ પૂર્ણિમાને 'ગુરુપૂર્ણિમા' કહે છે. વેદ, મહાભારત, પુરાણો વગેરેના આદિ આચાર્ય વ્યાસજીની જન્મ જયંતી હોવાથી 'વ્યાસ પૂર્ણિમા' પણ કહેવાય છે. અજ્ઞાનથી આવરિત લોકોનાં અંતઃચક્ષુઓને જે ગુરુ જ્ઞાનરૂપી અંજનશલાકાથી ઉઘાડી દે છે તે ગુરુરૂપ હરિની પૂજા કરવાનો આ દિવસ છે. ગુરુ આપણને બ્રહ્મરૂપ બનાવી પરબ્રહ્મમાં જોડે છે. તેથી તેમને સમ્યક્ પ્રકારે નિર્દોષ જાણી, મન, કર્મ, વચને તેમનામાં જોડાઈ જવું તે જ તેમનું પૂજન છે. આ સમૈયો બોચાસણ શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં પ્રગટ ગુરુહરિના સાંનિધ્યમાં ખૂબ જ ધામધૂમથી ઊજવાય છે.

## ૧૮. હિંડોળા ઉત્સવ

શાસ્ત્રમાં કહ્યું છે : 'सेवायां लौकिकी युक्तिः स्नेहस्तत्र नियामकः।' ભગવાનની સેવા-પૂજામાં લૌકિક તહેવાર વગેરેનો સમાવેશ કરવો. તેમાં કોઈ શાસ્ત્રની વિધિ નથી પણ સ્નેહ જ તેનું કારણ છે. આ કથન મુજબ અષાઢ તથા શ્રાવણ માસમાં લોકો હિંડોળે ઝૂલે છે, તેથી ભગવાનને પણ હિંડોળે ઝુલાવાય છે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી ભગવાનને વિવિધ પ્રકારના હિંડોળામાં ઝુલાવાય છે. બધાં જ મંદિરોમાં આ ઉત્સવ થાય છે. આરતી કરીને ભગવાનને હિંડોળામાં પધરાવાય છે. ઠાકોરજી પાસે હિંડોળાનાં પદોની કીર્તન-ભક્તિ થાય છે.

## ૧૯. જન્માષ્ટમી (શ્રાવણ વદ ૮)

આ દિવસે કંસ, શિશુપાલ વગેરે અસુરોના વધ માટે અવતરેલા શ્રીકૃષ્ણ ભગવાન મથુરાના કારાગૃહમાં અંધારી અષ્ટમીએ પ્રગટ્યા, મહારાજના ગુરુ

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો જન્મોત્સવ પણ આ દિવસે થયો. અટલાદરા શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં આ સમૈયો ઊજવાય છે. આ દિવસે સંત-હરિભક્તો નિર્જળા ઉપવાસ કરે છે.

ભગવાનને પંચામૃત સ્નાન કરાવીને રાત્રિના બાર વાગે જન્મ સમયની આરતી ઉતારાય છે. ભગવાનને પાંચ થાળ તથા પંચાજીરી ધરાવવામાં આવે છે. ભગવાનને પારણામાં પધરાવાય છે અને શ્રાવણ વદ ૧૪ના દિવસે આરતી કરીને ભગવાનને પારણેથી ઉતારાય છે.

### ૨૦. ગણેશ ચતુર્થી (ભાદરવા સુદ ૪)

આ દિવસે શિવજીના પુત્ર ગણેશનો જન્મ થયો. તે માટે મંદિરોમાં ગણપતિની મૂર્તિ પધરાવી તેનું પૂજન કરવામાં આવે છે. ઠાકોરજીને રાતાં વસ્ત્રો ધરાવીને ચુરમાના એકવીસ લાડુનો નૈવેદ્ય ધરાવવામાં આવે છે. રાત્રે ચંદ્રને જોવાનો નિષેધ કરેલો છે. મહારાજે શિક્ષાપત્રીમાં વિષ્ણુ, શિવ, પાર્વતી, સૂર્ય અને ગણપતિ આ પંચદેવને પૂજ્ય માન્યાં છે, અને આ દિવસે ગણપતિનું પૂજન કરવાની મહારાજે આજ્ઞા કરી છે.

### ૨૧. જળઝીલણી એકાદશી (ભાદરવા સુદ ૧૧)

ચાતુર્માસ દરમ્યાન વિશ્રામ લેતા પ્રભુએ પડખું બદલ્યું તેથી આજના દિવસને 'પરિવર્તિની એકાદશી' પણ કહેવાય છે. શ્રીકૃષ્ણ ભગવાને ગોકુળથી મથુરા દહીં વેચવા જતી રાધા આદિ ગોપીઓ પાસે યમુના નદીમાં નૌકામાં વિહાર કરીને દહીંનું દાણ માગ્યું હતું ત્યારથી આ ઉત્સવ ઊજવાય છે. આ દિવસે ભગવાનની ચલ મૂર્તિને નદી, તળાવ, સમુદ્રમાં લઈ જઈને હોડીમાં પધરાવીને જળક્રીડોત્સવ કરાવવામાં આવે છે. પાંચ વખત આ રીતે નૌકા-વિહાર કરાવીને, પાંચ વખત ભગવાનની આરતી ઉતારાય છે. કાકડી સુધારીને ભગવાનને ધરાવી પાણીમાં નાખવામાં આવે છે. પછી ઠાકોરજીને પાલખીમાં પધરાવી ઘેર ઘેર પધરામણીએ ફેરવવામાં આવે છે. આ દિવસે સૌએ નિર્જળા ઉપવાસ કરવાનો હોય છે. આ સમૈયો શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર સારંગપુરમાં ઊજવાય છે.

### ૨૨. વામન દ્વાદશી (ભાદરવા સુદ ૧૨)

બલિરાજાએ ત્રિભુવન ઉપર વિજય મેળવ્યો હતો. દેવો માટે રહેવાની જગ્યા જ નહોતી રહી. તેથી ભગવાને આ દિવસે વામન અવતાર ધારણ

કરીને પોતાના ભક્ત બલિ પાસેથી સાડા ત્રણ પગલાં પૃથ્વી માગી. તેનું સર્વસ્વ લઈ ભગવાને તેને પાતાળમાં મોકલી દીધો. આ દિવસે બપોર સુધી ફળાહાર. પછી બાર વાગે ઠાકોરજીની આરતી કરીને જમી શકાય છે. ભગવાનને પીતાંબર ધરાવાય છે અને નૈવેદ્યમાં ચુરમાના લાડુ ધરાવાય છે.

## ૨૩. શરદ પૂર્ણિમા (આસો સુદ ૧૫)

અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જામનગર જિલ્લામાં ભાદરા ગામે સં. ૧૮૪૧માં આ દિવસે પ્રગટ થયા. ગોંડલ અક્ષર મંદિરમાં આ સમૈયો ઊજવાય છે. ચંદ્રના પ્રકાશમાં રાત્રે આ સમૈયામાં પાંચ વખત ઠાકોરજીની આરતી ઉતારવામાં આવે છે. ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવાય છે. રાત્રે ઠાકોરજીને દૂધ-પૌંઆ ધરાવાય છે.

આ પૂનમને 'માણેકઠારી પૂનમ' પણ કહે છે. આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાને વ્રજમાં ગોપીઓ સાથે મહારાસ કર્યો હતો. આ દિવસે રાત્રે ભગવાન આગળ રાસલીલાનાં પદો ગાઈને ભક્તો આનંદ અનુભવે છે.

## ૨૪. હનુમાન જયંતી (આસો વદ ૧૪)

મહારાજે આ તિથિને હનુમાનજીની જન્મતિથિ માની છે. શિક્ષાપત્રીમાં પણ મહારાજે આ દિવસે હનુમાનજીનું પૂજન કરવાની આજ્ઞા કરી છે. આ દિવસે ભગવાનને રાતાં વસ્ત્રો ધરાવાય છે. ફૂલવડી, ભજિયાં, વડાં અને માલપૂઆનું નૈવેદ્ય કરાય છે. તેલ, સિંદૂર, આકડાનાં પુષ્પો, અડદનાં વડાં વગેરેથી હનુમાનજીનું પૂજન કરાય છે. રાત્રે ભગવાન આગળ દીપમાળા કરાય છે. આસો વદ તેરશથી ત્રણ દિવસ સુધી ભગવાન આગળ દીપાવલિ કરાય છે.

## ૨૫. દિવાળી (આસો વદ ૩૦)

વિક્રમ સંવતનો આ છેલ્લો દિવસ છે. આ દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. વેપારીઓ ચોપડાપૂજન કરે છે. ભારતનો આ મુખ્ય તહેવાર છે. ગામોગામ બધા જ લોકો આ ઉત્સવ ઊજવે છે. ભગવાને ક્ષીરસાગરમાં શયન કરેલું ત્યારે લક્ષ્મીજી અસુરોથી ડરીને કમળમાં રહેવા લાગ્યાં. આ દિવસે લક્ષ્મીજીને દીવા કરીને જગાડવામાં આવે છે. ભગવાન આગળ દીવાઓ મૂકવામાં આવે છે. ભગવાનને નૈવેદ્યમાં જલેબી, ખાજાં, સૂતરફેણી, ઘેબર વગેરે ધરાવાય છે. લોકો ફટાકડા ફોડીને આનંદ માણે છે.

## ૨૬. પુરુષોત્તમ માસ

જે મહિનામાં સૂર્યની કોઈ સંક્રાંતિ નથી થતી તેને અધિક માસ કહે છે. આ અધિક માસ હંમેશાં ૩૨ મહિના, ૧૬ દિવસ અને ૪ ઘડી પછી આવે છે. પુરુષોત્તમ માહાત્મ્ય કથામાં કહે છે : બાર મહિનાના અધિદેવતા નક્કી છે. જ્યારે સૌથી પહેલી વખત આ અધિક માસ આવ્યો, ત્યારે બધા તેને 'મળ' એટલે નકામો માસ કહીને નીંદવા લાગ્યા. ત્યારે આ અધિક મહિનો ભગવાનને શરણે ગયો. ભગવાને દયા કરીને તેના દેવતા થવા સ્વીકાર્યું. તેથી આ મહિનાને 'પુરુષોત્તમ માસ' કહે છે. આથી આ મહિનામાં જે વ્રત-દાનાદિક થાય તેનું ફળ અધિક મળે છે. મંદિરોમાં પારાયણો થાય છે. એકટાણાં, ધારણાં-પારણાં વગેરે વ્રતો કરાય છે.

## ૨૭. પાટોત્સવો

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં તાબાનાં શિખરબદ્ધ મંદિરોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણ-પ્રતિષ્ઠાના સમૈયાઓ-પાટોત્સવો નીચે પ્રમાણે થાય છે. આ દિવસે ભગવાનને પંચામૃત સ્નાન કરાવાય છે. મુગટ ધારણ કરાવાય છે અને પકવાન ધરાવાય છે.

**સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત મંદિર :**

(૧) બોચાસણ : સં. ૧૯૬૩, વૈશાખ વદ ૧૦.
(૨) સારંગપુર : સં. ૧૯૭૨, વૈશાખ સુદ ૬.
(૩) ગોંડલ : સં. ૧૯૯૦, વૈશાખ સુદ ૧૦.
(૪) અટલાદરા : સં. ૨૦૦૧, અષાઢ સુદ ૩.

**સ્વામીશ્રી યોગીજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત મંદિર:**

(૫) ગઢપુર : સં. ૨૦૦૭, વૈશાખ સુદ ૧૦.
(૬) અમદાવાદ : સં. ૨૦૧૮, વૈશાખ સુદ ૭.
(૭) ભાદરા (ગુણાતીતનગર) : સં. ૨૦૨૫માં વૈશાખ સુદ ૬.

**સ્વામીશ્રી પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત મંદિર:**

(૮) મુંબઈ : સં. ૨૦૪૦, માગશર સુદ ૮.
(૯) મહેસાણા : સં. ૨૦૫૧, માગશર સુદ ૮.
(૧૦) લંડન : સં. ૨૦૫૧, શ્રાવણ વદ ૧૦.
(૧૧) અમલનેર : સં. ૨૦૫૨, પોષ વદ ૨.

(૧૨) સુરેન્દ્રનગર : સં. ૨૦૫૩, કારતક વદ ૧૨.
(૧૩) સુરત : સં. ૨૦૫૩, માગશર સુદ ૭.
(૧૪) નડિયાદ : સં. ૨૦૫૪, મહા વદ ૧૦.
(૧૫) નવસારી : સં. ૨૦૫૪, માગશર વદ ૭.
(૧૬) રાજકોટ : સં. ૨૦૫૫, માગશર સુદ ૭.
(૧૭) મહેળાવ : સં. ૨૦૫૫, મહા સુદ ૫.
(૧૮) નૈરોબી : સં. ૨૦૫૫, શ્રાવણ વદ ૩.
(૧૯) તીથલ : સં. ૨૦૫૬, માગશર સુદ ૭.
(૨૦) આણંદ : સં. ૨૦૫૭, માગશર સુદ ૭.
(૨૧) સાંકરી : સં. ૨૦૫૭, વૈશાખ વદ ૧૦.
(૨૨) ધોળકા : સં. ૨૦૫૮, કારતક સુદ ૧૦.
(૨૩) ભરૂચ : સં. ૨૦૫૮, કારતક વદ ૯.
(૨૪) દિલ્હી : સં. ૨૦૫૯, મહા સુદ ૫.
(૨૫) હ્યુસ્ટન : સં. ૨૦૬૦, અધિક શ્રાવણ સુદ ૮.
(૨૬) શિકાગો : સં. ૨૦૬૦, અધિક શ્રાવણ વદ ૮.

આ ઉપરાંત, નવસારી, ભાવનગર, જૂનાગઢ, એટલાન્ટા, ટોરન્ટો, ગુણાતીતનગર - ભાદરા, લીંબડી, બોડેલી અને ગોધરા વગેરે દેશ-વિદેશનાં અનેક શહેરોમાં પણ નૂતન શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સંપન્ન થયાં છે અને હજુ નવાં મંદિરોનાં નિર્માણ થઈ રહ્યાં છે.

## ૧૭. માતાજી

મછિયાવ ગામની એક દીકરીને ઉદેપુર પરણાવી હતી. તેને મળવા મછિયાવનો એક મૂળજી નામનો બ્રાહ્મણ ઉદેપુર આવ્યો. માટલી લઈને તે આવેલો એટલે તેને રાણીવાસમાં પ્રવેશ મળ્યો. અહીં તેણે બાઈઓને મહારાજના મહિમાની ઘણી વાતો કરી. આ વાત ઝમકુબાને કાને પડી.

મૂળ વાગડ ગામનાં ઝમકુબા સંસ્કારી જીવ હતાં. ઉદેપુરના રાણા સાથે તેમને પરણાવેલાં. પણ રાણો આસુરી જીવ હતો. તે અભક્ષ્ય વસ્તુઓ ખાતો અને રાણીને પણ ખાવા આગ્રહ કરતો. આ ત્રાસનો અંત લાવવા ઝમકુબાએ



રાજ્યના વૈભવ છોડીને પ્રગટ ભગવાન પાસે દોડી જવાનો નિશ્ચય કર્યો.

ઝમકુબાનો દેહ સ્ત્રીનો હતો પણ આત્મામાં હિંમત ઘણી. રાત્રે સાડીઓ બાંધી દોરડું બનાવ્યું અને મહેલમાંથી છુપાઈને નીચે ઊતર્યાં. પછી પાણીના ગરનાળામાં ચાલતાં ચાલતાં મહેલ બહાર આવી પહોંચ્યાં.

આગળ ચાલ્યાં ત્યાં અજવાળું થયું. ગઢડાનો મારગ ભાળેલો નહિ. વળી પાછળ ગોતવા ઘોડેસવારો આવી ચડે એ બીકથી, એક ખાઈમાં મરેલું ઊંટ પડ્યું હતું તેના ખોખામાં સંતાઈ ગયાં. સવારે ઘોડેસવારો રાણીને ગોતવા નીકળ્યા. ઝમકુબાએ ઊંટના ખોખામાંથી સંતાઈને તે જોયું. તેથી બીકનાં માર્યાં દુર્ગંધ મારતા એ ખોખામાં પડ્યાં રહ્યાં. ત્રણ દિવસ પછી ઘોડેસવારો પાછા વળ્યા ત્યાર પછી ઝમકુબા ખોખામાંથી નીકળી આગળ ચાલ્યાં. એક વણઝારાની પોઠ મળી તેની સાથે ગુજરાતમાં વડનગર સુધી આવ્યાં. તળાવને

કાંઠે અહીં એમને સ્વામિનારાયણનું ભજન કરતી બાઈઓનો એક સંઘ મળી ગયો. તેનો સંગાથ લીધો અને ગઢપુર પહોંચ્યાં.

અહીં મહારાજનાં દર્શનથી જ એમનું હૈયું ટાઢું થઈ ગયું. બ્રાહ્મણે જે વાત કરી હતી તે બધી નજરે નિહાળી, તેથી અંતરમાં બહુ આનંદ થયો.

'મહારાજ ! મારે સંસારમાં રહેવું નથી, આપની ભક્તિ કરવી છે,' ઝમકુબાએ મહારાજના પગમાં પડી પ્રાર્થના કરી. અંતર્યામી પ્રભુ તો ઝમકુબાને ઓળખતા હતા. તેમની આવી શ્રદ્ધા અને ભક્તિ જોઈ અતિશય રાજી થયા. તેમને વર્તમાન ધરાવી પોતાનાં આશ્રિત કર્યાં અને દરબારમાં જીવુબા પાસે રહી સેવા કરવા આજ્ઞા કરી.

ઝમકુબા ક્ષત્રિય હોવા છતાં ઘણાં નિર્માની ને ખપવાળાં હતાં. જીવુબા તેમને ઓળખે નહિ, તેથી છાણ-વાસીદાનું કામ તેમની પાસે કરાવતાં. જમવામાં રોટલો આપતાં. દરબાર વાળવાનો, મહારાજ અને સંતો માટે પાણી લાવવાનું વગેરે કામ પણ ઝમકુબા દોડી દોડીને કરતાં.

એક વાર ઝમકુબા વાસીદું કરતાં હતાં અને મહારાજ ત્યાં આવી પહોંચ્યા. મહારાજે જીવુબાને બોલાવ્યાં ને પૂછ્યું : 'આમને ઓળખો છો ?'

'ના, મહારાજ !'

'એને ઘરે તમારાં જેવાં તો ગોલાં છે. મોટું રાજ મૂકીને ભગવાન ભજવા આવ્યાં છે. ઉદેપુરનાં એ રાણી છે રાણી. એમની પાસે આવું કામ ન કરાવવું.' મહારાજે જીવુબાને મીઠો ઠપકો આપ્યો.

મહારાજની આજ્ઞાથી ઝમકુબાએ માથે મુંડન કરાવી ધોળાં વસ્ત્રો પહેર્યાં. મહારાજે એમનું નામ 'માતાજી' પાડ્યું.

'અંતકાળે હું તમને અક્ષરધામમાં તેડી જઈશ.' એવું વરદાન મહારાજે તેમને આપ્યું. પછી લાધીબાઈ સાથે તેમને ભુજ મોકલ્યાં.

ભુજમાં લાધીબાઈ અને માતાજી બંને એક ઓરડીમાં રહેતાં અને મહારાજનું ધ્યાન કરતાં. મહારાજ એમને હંમેશાં દર્શન આપતા. માતાજી અને લાધીબાઈએ સાથે દેહ મૂક્યો. એક જ ચિતામાં બંનેનો અગ્નિસંસ્કાર થયો. બંને મુક્તોને મહારાજ સાથે અક્ષરધામમાં લઈ ગયા.[૨૬]

---

૨૬. માતાજી જે ઓરડીમાં ધ્યાન કરતાં તે ઓરડી આજે પણ ભુજમાં છે ને તે 'માતાજીની ઓરડી'ના નામે ઓળખાય છે.

# ૧૮. રાણા રાજગર

કાઠિયાવાડમાં ગોલિડા ગામ. ભીમ, વશરામ, રાઘવ અને રાણો આ ચાર ભાઈઓ આ ગામમાં રહે. નાતે રાજગર બ્રાહ્મણ. તેમના પિતાએ જગન્નાથપુરીથી દ્વારિકા સુધીની યાત્રા દંડવત્ કરતાં કરતાં કરી હતી.

રામાનંદ સ્વામી એક વાર આ ગામમાં પધાર્યા. 'પ્રગટ ભગવાન મળ્યા વગર કલ્યાણ નહિ થાય,' – એમ તેમણે આ બ્રાહ્મણને સમજાવ્યું.

ત્યારે તેણે કહ્યું : 'આ કળિયુગમાં પ્રગટ ભગવાન ક્યાંથી મળે ?'

'તમારા દીકરાને પ્રગટ ભગવાનનો યોગ થશે.' એવું વચન આપી રામાનંદ સ્વામી બીજે ગામ ગયા.

ઘણા સમય પછી શ્રીજીમહારાજ સરધારથી ફરતાં ફરતાં ગોલિડા પધાર્યા. મહારાજનાં પ્રથમ દર્શને જ આ ચાર ભાઈઓને પૂર્વનો સ્નેહ ઊભરાઈ આવ્યો. પોતાને ઘેર મહારાજને પધરાવી જમાડ્યા. વર્તમાન ધરાવી દૃઢ આશ્રિત થયા.

'તમે વર માગો.' મહારાજે રાજી થઈને કહ્યું.

'અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે.' ભાઈઓએ વિનયથી માગણી કરી.



ગામ આખું ધીરે ધીરે સત્સંગથી રંગાઈ ગયું. પણ એક કાળા માથાનો માનવી સત્સંગનો દ્વેષી હતો. તેના અંતકાળે જમનું ટોળું તેને તેડવા આવ્યું. પણ સીમાડામાં પેઠા ને જમડા બળવા લાગ્યા. કેટલાક જમે કહ્યું કે 'આ ગામમાં તો સ્વામિનારાયણ ભગવાનની આણ છે, આપણાથી નહિ જવાય.' ત્યારે કેટલાક જમ કહે કે 'કુસંગીને લઈ જવામાં વાંધો નહિ.'

આ ચારેય ભાઈઓ વારાફરતી ગામની ચોકી કરતા. આજે ભીમ અને રાણાનો વારો હતો. તેમણે જમને જોયા એટલે જમને પાછા જવા કહ્યું, પણ જમ માન્યા નહિ. આથી તેઓ ડાંગ લઈને જમની પાછળ પડ્યા. જમ નાસી ગયા. આવું એમને ભગવાનની નિષ્ઠાનું બળ હતું.

રાણાના બે ભાઈ રાઘવ અને વશરામ સાધુ થવા તૈયાર થયા. પણ એની મા ના પાડે. પછી રાણાએ પોતાની માને સમજાવ્યું કે 'તું ભાઈને રજા આપ અને હું તારી સેવા કરીશ.'

તે બંને ભાઈઓને મહારાજે દીક્ષા આપી. એકનું નામ રાઘવાનંદ અને બીજાનું નામ વિશ્વાત્માનંદ. બંને 'જમતગડા સાધુ' તરીકે ઓળખાય.

રાણો માંદો પડ્યો. તે દેહ મૂકવા તૈયાર થયો. ત્યારે તેની માએ કહ્યું કે 'મારું શું ?'

'મારા બારમાને દહાડે હું તમને તેડવા આવીશ.' એવું રાણાએ પોતાની માતાને વચન આપ્યું. મહારાજ વિમાન લઈને રાણાને તેડવા પધાર્યા. રાણાએ સૌને પૂછ્યું કે 'જેને મારી સાથે ધામમાં આવવું હોય તે ચાલો.' તેનો દીકરો તેની સાથે અક્ષરધામમાં ગયો.

બારમાને દિવસે રાણો મહારાજને લઈને પોતાની માને તેડવા આવ્યો. ઘણાને આ દર્શન થયાં. સૌ આશ્ચર્ય પામ્યા.

આવાં હતાં નિષ્ઠા ને બળ રાણા રાજગરને ![૨૭] આપણે સૌએ પણ પ્રગટ ભગવાન અને સત્પુરુષની પ્રાપ્તિનો આવો કેફ રાખવો જોઈએ.

## ૧૯. વચનામૃત

'વચનામૃત' એટલે વચનરૂપી અમૃત. એનું પાન કરવાથી આપણે અમર થઈ જઈએ. ફરી જન્મ લેવો ન પડે. આપણે અક્ષરધામના અધિકારી

---

૨૭. શ્રીજીમહારાજે વચનામૃત લોયા-૩માં રાણા રાજગરની પ્રશંસા કરી છે.

બનીએ. ગીતા જેમ શ્રીકૃષ્ણ ભગવાનની વાણી છે, તેમ વચનામૃતમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણની વાણી છે. એનાથી બીજું કોઈ શાસ્ત્ર અધિક નથી. વેદ, ઈતિહાસ, પુરાણ, ઈત્યાદિ શાસ્ત્રોનો સાર એમાં આવી જાય છે.

વચનામૃતમાં મહારાજના જ શબ્દો છે : 'આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે.' (વચ. ગ.મ. ૧૩)

શ્રીજીમહારાજે ત્રીસ વર્ષ સુધી સત્સંગમાં વિચરણ કર્યું. જે જે ગામોમાં સભા થઈ, પ્રશ્નોત્તર થયા તે સંતોએ લખી લીધા. ચાર મોટેરા વિદ્વાન સદ્‌ગુરુઓ – ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની પ્રેરણાથી આ ગ્રંથ તૈયાર કર્યો છે.

## વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬ :
## વિવેકી-અવિવેકીનું

સંવત ૧૮૭૬ના માગશર સુદિ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે અને દુ:ખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટપને પામે છે. અને જે અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે. તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે, તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટપને પામે છે.'

**॥ ઈતિ વચનામૃતમ્ ॥**

આપણે સામાન્ય રીતે વિવેક અને અવિવેકની વ્યાખ્યા આ રીતે કરીએ છીએ કે જેને કેમ બોલવું, ચાલવું, ખાવું, પીવું વગેરેનો ખ્યાલ હોય તે વિવેકી અને જેને આવી ગમ ન હોય તે અવિવેકી.

આધ્યાત્મિક વિવેક જુદો છે જે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સમજાવ્યો છે. પોતામાં ઘણા અવગુણો હોય છે છતાં મનુષ્ય તે સામી દૃષ્ટિ કરતો નથી, પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે.

સૂરદાસે કહ્યું : *'મો સમ કૌન કુટિલ ખલ કામી.'* તેમને હંમેશાં પોતાનો જ અવગુણ દેખાતો.

આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારુ જ કહે છે. એમ માનનો ત્યાગ કરી, સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

## ૨૦. પ્રભાશંકર અને દેવરામ

માંડવો નંખાયો છે. ફુલેકું નીકળ્યું છે ને ઢોલ-ત્રાંસાં વાગે છે. આ બાજુ જાન નીકળવાની તૈયારી છે ને ગાડાં જોડાયાં છે. એવામાં શણગાર સજીને બેઠેલા વરરાજાના હાથમાં એક ખેપિયાએ કાગળ મૂક્યો. પત્ર વાંચીને વરરાજાએ નિર્ણય કર્યો. સગાંવહાલાંને બોલાવ્યાં ને કહ્યું : 'આ લગન હવે



બંધ રહેશે. મહારાજનો પત્ર છે ને મને વરતાલ તેડાવે છે.'

પ્રભાશંકરનો આવો અણધાર્યો નિર્ણય સાંભળીને કુટુંબીઓ તો સૌ આશ્ચર્યમાં ડૂબી ગયાં. માબાપે ખૂબ સમજાવ્યા, પણ પ્રભાશંકરનો મત ફર્યો નહિ. મહારાજની આજ્ઞા આગળ એમને જગતની દરેક વસ્તુ ગૌણ હતી.

'લગ્ન તો ફરી લેવાશે, પણ મહારાજની આજ્ઞા ફરી નહિ મળે.' એમ કહી તેમણે વરતાલનો મારગ પકડ્યો.

વરતાલ આવી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. અંતર્યામી પ્રભુએ તેમને પૂછ્યું : 'પ્રભાશંકર ! અમારો કાગળ મળ્યો ત્યારે તમે શું કરતા હતા ?'

પ્રભાશંકરે નિખાલસતાથી બધી વાત કહી. મહારાજ રાજી થયા અને બોલ્યા : 'તમે ભગત ખરા.'

પીપળાવ ગામના આ પ્રભાશંકર બાળપણથી જ પ્રભુભક્તિમાં મગ્ન રહેતા, ધર્મ-નિયમમાં સારી રુચિ રાખતા અને કથાવાર્તાનું પણ વ્યસન ખરું.

સંવત ૧૮૬૬માં ડભાણમાં જ્યારે મહારાજે યજ્ઞ કર્યો ત્યારે પણ એવું જ બન્યું. આ વખતે પણ પીપળાવમાં પ્રભાશંકરભાઈનાં લગ્ન લેવાયાં હતાં અને મહારાજની કંકોતરી આવી. ફરી પ્રભાશંકર ડભાણ જવા તૈયાર થયા. માબાપે બહુ સમજાવ્યા. પણ ભગત કહે : 'બાપા ! લગ્ન તો આવતી સાલ થશે, પણ મહારાજ કંઈ ડભાણમાં ફરી યજ્ઞ કરવાના છે ?'

આવી જ ઉચ્ચ સમજણવાળા ને જ્ઞાની ભક્ત દેવરામભાઈ પણ હતા. કચ્છમાં ભુજ ગામના તેઓ રહેવાસી.

તેમનાં પત્ની ધામમાં ગયાં ત્યારે સગાં સૌ રોકકળ કરવા લાગ્યાં, પણ દેવરામભાઈને શોક થયો નહિ. એમને મન તો મહારાજની મૂર્તિ સિવાય બધું જ ખોટું હતું. મહારાજની મૂર્તિમાં જ એમને અનન્ય પ્રીતિ હતી. ધર્મમર્યાદા પ્રમાણે સગાંવહાલાંએ દેવરામભાઈને સ્નાન કરાવ્યું. ત્યારે તેઓ કહે : 'બીજું પણ કોઈ મરી ગયું હોય તો કહી દેજો; ભેગાભેગું નાહી નાખીએ.' આવું બીજાથી બોલી શકાય નહિ.

## ૨૧. સચ્ચિદાનંદ સ્વામી

સૌ એમને 'મોટાભાઈ' કહીને બોલાવતા. મૂળ એમનું નામ દાજીભાઈ. પૂરા પાંચ હાથ ઊંચા અને પડછંદ શરીર. નાતે વાઘેલા ક્ષત્રિય. જામનગર

પાસે મોડા ગામના આ ભક્તરાજ જડભરતના જેવી ઉન્મત્ત દશામાં જ રહેતા. ઘરના માણસોને એમનું ભગતપણું ગમતું નહિ.

મહારાજનો યોગ થયો અને તેમની વૃત્તિ મહારાજની મનોહર મૂર્તિમાં ચોટી ગઈ. સાધુ થવાની ઇચ્છા તીવ્ર બની. એટલે વારંવાર ભાગીને મહારાજ પાસે જતા. આથી કુટુંબીઓએ તેમને પગે બેડીઓ પહેરાવી ઓરડામાં પૂર્યા. મોટાભાઈ તો મહારાજને સંભારવા લાગ્યા. મહારાજ પધાર્યા. બેડીઓ તોડી નાખી અને તેમને ગઢપુર લઈ ગયા.

આ મોટાભાઈને દીક્ષા આપી મહારાજે તેમનું નામ 'સચ્ચિદાનંદ' પાડ્યું. સ્વામીને મહારાજને વિષે અપાર સ્નેહ. અખંડ મહારાજમાં જ વૃત્તિ રાખે. મહારાજનો વિયોગ થાય ત્યારે તેમને રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા. ઘણીવાર તો મહારાજથી છૂટા પડતાં તેઓ બેભાન પણ થઈ જતા.

મહારાજની આજ્ઞાથી તેમણે રાધાવાવ ખોદાવી હતી. અહીં તેમણે બગીચો કર્યો હતો. ફૂલના હાર, ગજરા વગેરે શણગાર ગૂંથી મહારાજને રોજ ધરાવતા.

જેવો પ્રેમ તેવો જ ખપ. તેઓ કહેતા કે 'મારા પગ કાપી નાખે તો હું ઢસડાતો ઢસડાતો, જ્યાં સાધુનો એઠવાડ નાખે છે ત્યાં બેસું અને એઠવાડ ખાઈને સત્સંગમાં પડ્યો રહું, પણ સત્સંગ છોડું નહિ.'

ચાતુર્માસમાં મહારાજ સૌ સંતોને નિયમ આપતા હતા. ત્યારે તેમણે એવું નિયમ લીધો કે 'ચાર માસ સુધી સૂવું નહિ અને રાત્રે પલાંઠીવાળી સાથળ ઉપર બે પથ્થર રાખીને મહારાજનું ધ્યાન-ભજન કરવું.'

દુકાળના એક સમયે સૌ હરિભક્તોએ મહારાજને વરસાદ માટે વિનંતી કરી.

'આ વખતે ઈન્દ્ર કોપ્યો છે તેથી નહિ વરસે,' મહારાજે ના પાડી.

હરિભક્તો મૂંઝાયા. સચ્ચિદાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામી કહે : 'મહારાજની મરજી વગર મારાથી કંઈ ન થાય. મહારાજ કુરાજી થાય.'

હરિભક્તોએ સ્વામીને ઘણી વિનંતી કરી. વળી કહ્યું : 'મહારાજ વઢશે તો તમારો અપરાધ અમે માથે લઈશું, પણ અમારી સામું જુઓ !'

દયાળુ સ્વભાવના સ્વામીએ સમાધિમાં જઈને ઈન્દ્રને લાત મારી જગાડ્યો અને વરસવા કહ્યું. પુષ્કળ વરસાદ પડ્યો. મહારાજને ખબર પડી કે



સચ્ચિદાનંદ સ્વામીએ વરસાદ વરસાવ્યો છે એટલે તેમને વિમુખ કર્યા. સ્વામી તો ઘેલાને સામે કાંઠે બેસી ભજન કરવા લાગ્યા. એક દિવસ થયો, બે દિવસ થયા. તરસ બહુ લાગી, પણ ભજન છોડ્યું નહિ.

આ બાજુ અક્ષર ઓરડીમાં મહારાજ તરસથી પીડાવા લાગ્યા. બ્રહ્મચારીએ ઘણું પાણી પાયું પણ મહારાજની તરસ છીપે નહિ. પછી મહારાજ કહે : 'પેલાને, તરસ્યાને પાઓ.'

રતનજી ને મિયાંજી સમજી ગયા. મહારાજની પ્રસાદીનું જળ લઈને દોડ્યા અને ઘેલાને કાંઠે બેઠેલા સચ્ચિદાનંદ સ્વામીને પાણી પાયું, ત્યારે મહારાજની તરસ મટી. આવી એમને મહારાજ સાથે એકતા હતી. મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને પાછા બોલાવ્યા.

મહારાજના અંતિમ સમયે સચ્ચિદાનંદ સ્વામી મહારાજની પહેલાં જ નાડી, પ્રાણ છોડીને ધામમાં ગયા.

'તમે દેહમાં પાછા જાઓ.' મહારાજે આજ્ઞા કરી.

'મારાથી દેહમાં નહિ રહેવાય. આપનો વિયોગ સહન નહિ થાય.' સ્વામીએ મહારાજને બહુ વિનંતી કરી. પછી મહારાજે તેમને પ્રસાદીનું જળ પાયું અને છ માસમાં તેડી જવા વચન આપ્યું, ત્યારે સ્વામી દેહમાં આવ્યા. પણ અન્ન-જળનો એમણે ત્યાગ કર્યો. થોડા સમય પછી મહારાજ તેમને ધામમાં તેડી ગયા. આવો હતો એમનો પ્રેમ.

## ૨૨. સુભાષિત

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥ १ ॥

આ મારું છે અથવા બીજાનું છે, એવા વિચારો નાના મનવાળાના હોય છે, પરંતુ જે ઉદાર ચરિત્રના છે તેમના માટે તો બધી પૃથ્વી જ પરિવાર છે. (૧)

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च घ्नन्ति सन्तो महाशयाः ॥ २ ॥

ગંગા પાપને હરે છે, ચંદ્રમા તાપને હરે છે, કલ્પવૃક્ષ દરિદ્રતાને હરે છે પરંતુ મહાન સત્પુરુષો પાપ, તાપ અને દરિદ્રતા એ ત્રણેયનો નાશ કરે છે. (૨)

मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम् ।
मनस्यन्यद् वचस्यन्यद् कर्मण्यन्यद् दुरात्मनाम् ॥ ३ ॥

મહાન પુરુષોને મન, વાણી અને કર્મમાં એકતા હોય છે અને દુષ્ટ પુરુષોને મન, વાણી અને કર્મમાં ભિન્નતા હોય છે. (૩)

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ ४ ॥

(ભાગવત : ૩-૨૫-૨૦)

જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો જ પ્રસંગ જો ભગવાનના પરમ એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. (૪)

न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।
ते पुनन्त्युरुकालेन दर्शनादेवसाधवः ॥ ५ ॥

(ભાગવત : ૧૦-૮૪-૧૧)

તીર્થો કેવળ જળરૂપ જ છે એમ નથી, અને દેવો પણ કેવળ મૃત્તિકાના કે શિલાના છે એમ નથી; તેઓમાં દૈવત છે પણ તે તેનું સેવન કરનારાઓને ઘણા લાંબા સમયે પવિત્ર કરે છે, જ્યારે સાધુપુરુષો તો દર્શનમાત્રથી જ પવિત્ર કરે છે. (૫)

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥६ ॥
(ગીતા : ૪-૩૯)

સારી પેઠે નિયમમાં રાખ્યા છે ઇન્દ્રિયો જેણે અને શ્રદ્ધાવાન થઈને તત્પર થકો વર્તનારો જ પુરુષ આ જ્ઞાનને પામે છે. અને એવા જ્ઞાનને પામીને થોડા જ સમયમાં પરમ સર્વોત્કૃષ્ટ શાંતિને પામે છે. (૬)

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥७ ॥
(ગીતા : ૧૮-૬૬)

તું સર્વ ધર્મને - ધર્મના બળને છોડી દઈને મને એકને જ શરણ પામ ! હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઈ શોક કરીશ મા. (૭)

कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥८ ॥
(શિક્ષાપત્રી : ૩૬)

વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મસંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. (૮)

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥९ ॥
(શિક્ષાપત્રી : ૩૯)

ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભયથકી ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. (૯)

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥१० ॥
(શિક્ષાપત્રી : ૭૩)

ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે. માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. (૧૦)

## ૨૩. જાલમસિંહ બાપુ

'સ્વામી ! આમાં તો દેહનું જોખમ છે.' વતું કરાવતાં મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું.

લીંબડી પાસે શિયાણી ગામથી મહારાજ તાવી પધાર્યા. અહીં ગામને પાદર વાળંદ પાસે વતું કરાવવા બેઠા, પણ હજામનો હાથ ભારે.

આ જોઈ નજીકમાં ઊભેલા જાલમસિંહ બાપુએ મહારાજને પ્રાર્થના કરી કે 'પ્રભુ ! આપ આજ્ઞા કરો તો હું હમણાં જ મારે ગામથી સારો વાળંદ તેડી લાવું.'

મહારાજે મરજી જણાવી એટલે બાપુ મારતી ઘોડીએ દેવળિયા ઊપડ્યા.

તાવીથી દેવળિયા ત્રણ ગાઉ. મહારાજે વિચાર કર્યો કે બાપુને આવતાં વાર થશે, માટે આપણે જ દેવળિયા તરફ જઈએ.

આગળ ચાલતાં મહારાજ બરાબર અધવચ્ચે ડોળી તળાવડીએ આવી પહોંચ્યા અને અહીં પીપર નીચે સભા કરી.

આ બાજુ બાપુએ તો દેવળિયા જઈને હજામને બોલાવ્યો. અસ્ત્રો સજાવી, બગલમાં થેલો નાખી હજામ તૈયાર થયો.



બાપુએ હજામને પોતાની ઘોડી સાથે દોડવાનું કહ્યું, પણ એ બાપડો કેમ દોડે ? એના બગલમાં થેલો. બાપુને ઝટ પૂગવું હતું. મહારાજ તાવીમાં વાટ જોતા હતા. પોતાના ઈષ્ટદેવને માટે શું ન થાય ? બાપુએ તો હજામનો થેલો નાખ્યો પોતાની બગલમાં અને કહ્યું : ‘આ પેગડું પકડીને હવે દોડ મારી ઘોડી સાથે.’

અડધે પહોંચ્યા ત્યાં મહારાજને સભા કરીને બેઠેલા જોયા. ઘોડીએથી ઊતરી બાપુ મહારાજ પાસે આવ્યા અને હાથ જોડીને ઊભા. એટલામાં પૂર્ણાનંદ સ્વામી પણ ત્યાં આવીને ઊભા રહ્યા. તેઓ ચાલવામાં પાછળ રહી ગયા હતા એટલે મોડા પડ્યા. પણ સભા સારી ભરાયેલી તેથી પૂર્ણાનંદ સ્વામીને પોતાને બેસવાનું યોગ્ય સ્થાન જડ્યું નહિ.

અંતર્યામી પ્રભુ આ જોઈ સભામાં બોલ્યા કે ‘કોઈએ માનને જોયું છે ?’ બધા આશ્ચર્યથી સાંભળી રહ્યા. મહારાજ કહે : ‘આ ગામધણી કે જેને માન ખપે છે તે બગલમાં વાળંદનો થેલો લઈને નિર્માની બનીને ઊભા છે અને આ સંત કે જેને નિર્માનીપણે રહેવાનું છે તે માન માગે છે.’ એમ કહી પૂર્ણાનંદ સ્વામી તરફ આંગળી ચીંધી. સ્વામી તો માનભંગ થવાથી ત્યાંથી તરત ચાલી નીકળ્યા.

પછી મહારાજે પીપર નીચે બેસી વતું કરાવ્યું. સંત-હરિભક્તો સાથે ડોળી તળાવડીમાં સ્નાન કર્યું અને સંઘ સાથે જાલમસિંહ બાપુના આગ્રહથી દેવળિયા પધાર્યા.

મહારાજ દરબારમાં દાખલ થયા ત્યારે કેશાબા ચોકમાં ઘઉં પાથરતાં હતાં. મહારાજે પૂછ્યું : ‘કેશાબા ! શું કરો છો.’

‘આ ઘઉંમાં જીવાત પડે છે તે તડકે નાખું છું.’

‘જાઓ, તમારે ત્યાં અનાજમાં જીવાત નહિ પડે,’ એકાએક મહારાજે રાજીપો જણાવી આશીર્વાદ આપ્યા.

‘પણ મહારાજ ! અમને શો લાભ,’ કેશાબાએ ભાવથી પૂછ્યું.

મહારાજ કહે : ‘તમારા દરબારમાં નાના-મોટા કોઈ પણ જીવ દેહ મૂકશે તેને અમે અક્ષરધામમાં લઈ જઈશું.’

મહારાજનું આ વરદાન સાંભળી કેશાબા ને જાલમસિંહ બાપુ ગળગળાં થઈ ગયાં ને મહારાજનાં ચરણોમાં પડી ગયાં.

# ૨૪. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

**[૧]**

સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે :

‘એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી. તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની મોટા થકી શીખાય છે.’

એક રાજકુમાર અને એક પ્રધાનપુત્ર બંને મિત્રો. એક વાર તેઓ બીજે ગામ જવા નીકળ્યા. ત્યાં રસ્તામાં જંગલમાં રાત રોકાયા. સવારે બંનેને ભૂખ લાગી. બાજુના ગામમાંથી કંઈક ખાવાનું લઈ આવવા રાજકુમારે મિત્રને કહ્યું. પ્રધાનપુત્ર ઊપડ્યો. નજીકના ગામના દરવાજા બંધ હતા.

ગામમાં એવું બનેલું કે ત્યાંનો રાજા નિર્વંશ મરી ગયો. પ્રજાએ એમ નક્કી કર્યું કે સવારે શહેરનો દરવાજો ઊઘડતાં જે માણસ પહેલો શહેરમાં પ્રવેશ કરે તેને રાજગાદી આપવી. સવારે દરવાજો ઊઘડ્યો ને પ્રધાનપુત્રે નગરમાં પ્રવેશ કર્યો, અને સૌએ તેને રાજા બનાવ્યો.



આ બાજુ રાજકુમાર મિત્રની રાહ જોઈને થાક્યો. તે મિત્રને શોધવા નીકળ્યો. નજીકના તે જ ગામમાં એક દુકાને તેણે પાટિયું વાંચ્યું કે અહીં બુદ્ધિ વેચાય છે. કુતૂહલતાથી રાજકુમાર તે દુકાનમાં ગયો ને બુદ્ધિની કિંમત પૂછી. શેઠ કહે : 'એકથી લાખ રૂપિયા સુધીની બુદ્ધિ મળે છે.' તરત જ રાજકુમારે લાખ રૂપિયાની હીરાની વીંટી આપી ને બુદ્ધિની માગણી કરી.

'આપણાથી નાનો હોય અને તેને અધિકાર મળ્યો હોય તો તેને નમી દેવું,' શેઠે એક કાગળ ઉપર લખી આપ્યું.

રાજકુમાર તે લઈને આગળ ચાલ્યો. ત્યાં રાજાની સવારી નીકળી તેથી તે એક બાજુએ ઊભો રહ્યો. સવારી નજીક આવી ત્યારે રાજકુમારે જોયું તો હાથી ઉપર તો પોતાનો મિત્ર જ પ્રધાનપુત્ર રાજા તરીકે બેઠો હતો. પહેલાં તો તેના ઉપર ક્રોધ ચડ્યો પણ પછી ચિઠ્ઠીમાં લખેલું યાદ આવ્યું. એટલે તરત જ તેણે નવા રાજાને નીચે નમીને સલામ ભરી. પ્રધાનપુત્રે પોતાના મિત્રને સલામ ભરતાં જોયો. રાજદરબારમાં આવી તેણે સૌને કહ્યું કે 'હવે હું રાજા છું તો મારી ઇચ્છા પ્રમાણે કરી શકું છું.' એમ કહી તેણે પોતાના મિત્ર રાજકુમારને તેડાવ્યો અને તેને રાજગાદી સોંપી દીધી.

રાજકુમારે બુદ્ધિ ખરીદી અને તેનો ઉપયોગ કર્યો તો રાજગાદી મળી. તેમ જ આપણું કલ્યાણ થાય તેવી બુદ્ધિ પણ મોટાપુરુષ પાસેથી મળે છે. આપણે તે બુદ્ધિયોગ મેળવવા માટે મોટાપુરુષનો સમાગમ કરીએ તો રાજકુમારને રાજ્ય મળ્યું તેમ આપણને અક્ષરધામ મળી જાય.

**[૨]**

સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે :

'કરોડ રૂપિયા ખર્ચે પણ આવા સાધુ મળે નહિ ને કરોડ રૂપિયા દેતાં પણ આ વાતુ મળે નહિ ને કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્યદેહ મળે નહિ. ને આપણે પણ કરોડ જન્મ ધર્યા છે પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નીકર શું કરવા દેહ ધરવો પડે ?'

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્ય સહિત ભક્તિ જેનામાં હોય તેવા સંત મળવા દુર્લભ છે. એટલે એમના મુખની વાતો પણ દુર્લભ છે. એ વાતોમાં આપણું અજ્ઞાન દૂર કરવાની શક્તિ છે. અને મનુષ્યદેહ મળવો પણ દુર્લભ છે. ચોરાશી લાખ જન્મને અંતે મનુષ્યજન્મ મળે છે.



એક આંધળો માણસ રાજાના કંઈક વાંકમાં આવ્યો. આંધળાને શી સજા કરવી ? રાજાએ તેને કહ્યું, ‘આ શહેરને ફરતો બાર ગાઉનો કોટ છે. તેમાંથી નીકળવાની એક બારી છે. તું કોટની દીવાલે હાથ રાખી ચાલ્યો જા. બારી આવે ત્યારે બહાર નીકળી જજે.’

આંધળો તો ચાલ્યો, પણ જ્યાં બારી આવવાની થઈ ત્યાં એને માથે ખરજ આવી. એટલે ચાલતો ચાલતો ખણવા માંડ્યો. ત્યાં બારી પસાર થઈ ગઈ અને જ્યાં એણે હાથ મૂક્યો ત્યાં ભીંત આવી. પછી ફરી બાર ગાઉનો ચકરાવો રહ્યો.

આપણે પણ આવું થાય છે. આ મોંઘો મનુષ્યદેહ મળ્યો છે તેમાં આવા સંત મળ્યા તે મોટી વાત છે. માટે એમને ઓળખી લેવા અને એમની વાતો સાંભળી અજ્ઞાન કાઢી નાખવું.

**[3]**

સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે :

'સત્સંગ થાય પણ સંગ વિના સત્સંગનું સુખ ન આવે, કેની પેઠે તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિના તેનું સુખ ન આવે, તેમજ લૂગડાં-ઘરેણાં મળે તો પણ પેર્યા વિના તેનું સુખ ન આવે, તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ.'

ભવ-બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ એવો સત્સંગ આપણને મળ્યો છે. પણ તેનો જેટલો લાભ આપણે લઈએ તેટલું સુખ થાય. ગંગાકિનારે ઊભા રહીને પાણી ન પીએ તો તરસ ન છીપે. ચંદનના વૃક્ષ ઉપર સાપ આખો વીંટળાઈ જાય છે, પણ મોઢું દૂર રાખે છે તો તેનું ઝેર જતું નથી.

એક ગામમાં એક વાણિયો રહે. તે તેલપળીનો ધંધો કરે. નાની અમથી દુકાન. પળી, બે પળી તેલ વેચવામાંથી વાણિયો નવરો જ ન થાય. એવામાં એક મહાત્મા તપ કરવા જતા હતા તે વાણિયાની દુકાને આવી ચડ્યા. તેમની પાસે એક પારસમણિ હતો, તે આ ગરીબ વાણિયાને ત્યાં સાચવવા મૂકવા વિચાર કર્યો.

મહાત્માએ કહ્યું : 'આ પારસમણિ છે લોઢાને અડાડીશ તો તેનું સોનું થઈ જશે. તારું દારિદ્રય દૂર થઈ જશે. તું તારી પાસે રાખ. હું પાછા વળતાં લેતો જઈશ.'

તે બરાબર વેપારમાં પડેલો. તેથી તેણે મહાત્માને ઉતાવળમાં કહી દીધું કે જે હોય તે આ ગોખલામાં મૂકી દ્યો. મહાત્મા તો મૂકીને ચાલતા થયા. વાણિયાને પળી તેલના વેપારમાંથી ફુરસદ મળી નહિ.

છ મહિને મહાત્મા પાછા ફર્યા. તેમને થયું કે વાણિયો તો સુખી થઈ ગયો હશે. પણ ગામમાં આવીને જોયું તો વાણિયો એ જ હાલતમાં ધંધો કરે.

તેમણે પારસમણિ માંગ્યો. વાણિયાએ કહ્યું : 'મહારાજ, જ્યાં મૂક્યો હોય ત્યાં સંભાળો.'

મહાત્માએ ગોખલામાં જોયું તો પારસમણિ ઉપર ધૂળ ચડી ગઈ હતી. વાણિયો પારસમણિનો મહિમા સમજી શક્યો ન હતો.

મહાત્માએ તેને ઠપકો આપ્યો કે 'તારા પૈસા, બે પૈસાના વેપારમાં પારસમણિને ભૂલી ગયો ! પણ આ પારસમણિનો ચમત્કાર તે નથી જોયો.' એમ કહી તેની પાસે લોઢું માગ્યું. પણ તે કંગાળ વાણિયાની દુકાનમાં લોઢું જ ન મળે. જ્યાં-ત્યાંથી વાણિયાએ શેર, દોઢ શેર લોઢું ભેળું કર્યું. મહાત્માએ



જ્યાં મણિ અડાડ્યો ત્યાં લોઢાનું સોનું થઈ ગયું.

વાણિયો તો કૂદવા માંડ્યો. મહાત્માને કહ્યું કે 'મણિ મૂકતા જાઓ.'

'મૂરખ, છ મહિના રાખ્યો, હવે તારું નસીબ,' એમ કહી મહાત્મા તો મણિ લઈ ચાલતા થયા.

આપણને પારસમણિ જેવો સત્સંગ મળ્યો છે, પણ આળસ અને પ્રમાદ નડે છે. જો મન, કર્મ, વચને સત્સંગ કરીએ તો કંચન જેવા ઉત્તમ બની જઈએ.

**[૪]**

સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે :

'ભગવાને કહ્યું છે જે, જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ નથી થતો. તે સત્સંગ તે શું ? જે મોટા એકાંતિકને હાથ જોડવા અને તે કહે તેમ કરવું એ જ છે.'

ભાગવતના એકાદશ સ્કંધનો આ શ્લોક છે. આ લોકમાં સૌએ જુદાં જુદાં સાધનોથી કલ્યાણ માન્યું હોય છે. કોઈ ખૂબ તપ કરીને ભગવાનને

પ્રસન્ન કરવા મંડે છે. કોઈ ખૂબ દાન આપે છે, કોઈ અષ્ટાંગ યોગ સાધે છે, પણ આ બધાં સાધનો લાંબે કાળે કલ્યાણ કરે છે. આ સાધનોથી ભગવાન તરત વશ થતા નથી.

એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. નાના ભાઈને સંતોનો સમાગમ બહુ ગમે. જ્યારે મોટા ભાઈને જાત્રાએ જવાનું વધારે પસંદ. તે ઘણી વાર નાનાભાઈને જાત્રામાં આવવા આગ્રહ કરે પણ નાનોભાઈ ના પાડે. પણ એક વાર તેણે કહ્યું : 'મોટાભાઈ ! આ મારી તુંબડીને તમે મારા વતી જાત્રા કરાવો.'

મોટાભાઈએ તુંબડીને બધે જાત્રા કરાવી. મંદિરોમાં ઠેઠ ભગવાનનાં ચરણારવિંદ આગળ અડાડે, પવિત્ર નદીઓમાં પણ તુંબડીને ઝબોળે, જાત્રા કરીને મોટાભાઈ ઘેર આવ્યા. નાનાભાઈએ જમવાનું આમંત્રણ આપ્યું. જમતી વખતે તુંબડીમાં પાણી ભરી પીવા આપ્યું. જ્યાં મોટાભાઈએ ઘૂંટડો ભર્યો ને તરત થૂંકી નાખ્યું : 'અરર, બહુ કડવું પાણી.' દૂધપાક ખાધો તો પણ કડવાશ મટી નહિ. માંડ અઠવાડિયે કડવાશ ગઈ.

ફરી એક વાર નાનાભાઈએ મોટાભાઈને જમવા બોલાવ્યા. આ વખતે પણ પેલી તુંબડીમાં પાણી ભરી આપ્યું. મોટાભાઈ કહે : 'હવે હું આ તુંબડીમાં પાણી ન પીઉં.'

પણ નાનાભાઈએ તે જ તુંબડીમાંથી પાણી પીધું ને મોટાભાઈને પણ પીવા સમજાવ્યું. પાણી મીઠું લાગ્યું એટલે તેમણે કારણ પૂછ્યું. નાનાભાઈ કહે : 'આ તુંબડીને એક સંત મળ્યા. તેણે તેનો કડવો ગાળ કાઢીને સ્વચ્છ કરી. તેમ આપણા અંતરની કડવાશ જે કામ, ક્રોધ, લોભ વગેરે શત્રુઓ, જાત્રાએ જવાથી નથી નીકળતી પણ સાધુનો સમાગમ કરવાથી તરત જાય છે.'

આ દૃષ્ટાંતથી સમજાય છે કે સત્પુરુષનો સંગ એ જ સત્સંગ. એકાંતિક સંત મળે ત્યારે તેમની આગળ આપણું ડહાપણ છોડી દેવું. દીન-આધિન થઈ જવું અને નિશ્ચય કરી લેવો કે આ જ મારા મોક્ષદાતા છે. એ જ તેમને હાથ જોડ્યા કહેવાય. અને પછી તે જેમ કહે તેમ મન, કર્મ અને વચને કરવું.

દવાખાનામાં દવા ઘણી હોય તેમાંથી આપણી મેળે દવા લઈએ તો અવળું પડે, પણ ડૉક્ટર લખી આપે તે દવા કરીએ તો રોગ ટળી જાય. તેમ જપ, તપ, વ્રત આદિક સાધનોમાંથી એકાંતિક સંતની આજ્ઞાથી જો સાધન કરીએ તો ભવરોગ ટળી જાય, પણ મનમેળે તે સાધનો કરવાથી મોક્ષ ન થાય.

**[૫]**

સ્વામિનારાયણ હરે ! સ્વામીએ વાત કરી જે :

'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહિ. પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું જે, યુદ્ધે કરીને તો હું જિતાઉં તેવો નથી ને મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી – એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી; એમ કહ્યું. પછી એવી રીતે પ્રહ્‌લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે તે શીખવો.'

ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં યુદ્ધ અને તેનાં સાધનો કોઈ જુદા જ પ્રકારનાં બતાવ્યાં છે. જેમ કોઈ યોદ્ધાને જીતવો હોય તો આપણી પાસે તલવાર, ઢાલ, બંદૂક વગેરે સાધનો જોઈએ. પણ કોઈ વિદ્વાનને જીતવો હોય તો આ સાધનો નકામાં બને છે. તેની સામે આપણે વિદ્વત્તા વાપરવી જોઈએ. જેમ શરીરમાં જંતુઓથી રોગ થયો હોય તે જંતુઓ દવાથી મરે પણ બંદૂકથી ન મરે. તેમ સર્વ શક્તિમાન અને સર્વથી પર એવા ભગવાન આપણાં લૌકિક સાધનોથી જીતી શકાય નહિ.

રાવણ અને કંસ મહાબુદ્ધિશાળી અને શૂરવીર હતા તો પણ રામ અને કૃષ્ણને જીતવાનો ઉપાય જાણી શક્યા નહિ અને પરાજય પામ્યા. બલિરાજા અસુર હતા છતાં તેણે ભગવાનને વશ કરી લીધા. ભગવાનને વશ કરવાનો ઉપાય સ્વામીએ અહીં બતાવ્યો છે. આપણી સર્વે ઇંદ્રિયો ભગવાનમાં જોડી દઈએ તો ભગવાન તરત જ વશ થઈ જાય છે. ભગવાનના એકાંતિક સંત થકી આપણને આ ઉપાય હાથ આવે છે. આ ઉપાય કઠણ છે પરંતુ તેનો નિરંતર અભ્યાસ રાખીએ તો સિદ્ધ થાય.

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ રામદાસ સ્વામીને વંથળી કામ પ્રસંગે મોકલ્યા અને કહ્યું : 'આખે રસ્તે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ મનમાં અખંડ ભજન કરતા જજો.'

તેઓ આમ ભજન કરતાં કરતાં વંથળી પહોંચ્યા. ત્યાં તેમને વંથળી ગામ ફરતા કોટને કાંગરે કાંગરે મહારાજની મૂર્તિનાં દર્શન થયાં.

માટે આપણે સર્વેએ આ ઉપાય શીખવો.

## ૨૫. કીર્તન

સ્નેહભર્યા નયણે નિહાળતા હો,
વંદન આનંદ ઘનશ્યામને...
અમીમય દૃષ્ટિએ નિહાળતા હો...
વંદન આનંદ ઘનશ્યામને...
છપૈયાપુરમાં વહાલો આપે પ્રગટ થયા,
ધર્મભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા,
સંતોને આનંદ ઉપજાવતા હો...
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા૦
બાળચરિત્રો કરી આપે વન વિચર્યા,
તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો...
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા૦
વલ્કલ વસ્ત્ર ધરી, પુલ્હાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી, મોટા જોગી થયા.
નિજસ્વરૂપ સમજાવતા હો...
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા૦
લોજપુર, ધામ રહી, સરજુદાસ કહાવિયા,
સર્વોપરી જ્ઞાન દઈ, સંતોને રિઝાવિયા,
મુક્તાનંદ પ્રેમથકી પૂજતા હો...
વંદન આનંદ ઘનશ્યામને...સ્નેહભર્યા૦